
॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

જાન્યુઆરી ૨૦૧૪

રૂા. ૫/૦૦









## શ્રી સમસ્ત મહિલા મંડળ, મુંબઈ - મલાડ આયોજીત

# શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણની


## આછેરી ઝલક








શ્રી સ્વામિનારાયણ સત્સંગ ભવન નડિયાદનું ભૂમી પૂજન કરતા યજમાનો સાથે સંતો - નડિયાદ

ઠાકોરજી આગળ વચનામૃત જયંતીના દિવસે વચનામૃતની પારાયણ કરતા સંતો તથા હરિભક્તો - ભુજ



શ્રી સ્વામિનારાયણ સત્સંગ ભવન ઈન્દોરનું થઈ રહેલ બાંધકામ. - મધ્યપ્રદેશ



વચનામૃત જયંતી દિવસે વચનામૃત પારાયણ તથા પૂજન - પ્રસાદી મંદિર ભુજ.



સત્સંગ અભ્યાસ ક્રમનું પ્રશિક્ષણ લેતા યુવાનો - ભુજ.



વચનામૃત જયંતી દિવસે પારાયણ કરતા બહેનો - ભક્તિનગર.

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः । रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकै : ॥

ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક



## લેખકોને ખાસ વિનંતી

- **આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.**
- **લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.**
- **લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.**
- **કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.**
- **ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.**
- **કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે. કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.**
- **સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.**

| | |
|---|---|
| દેશમાં | આજીવન સભ્ય રૂા. ૫૦૧/- |
| | વાર્ષિક સભ્ય રૂા. ૫૧/- |
| વિદેશમાં | આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/- |
| | વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/- |

- **અંક દર માસે નિયત સમયે પ્રસિધ્ધ થશે.**
- **પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.**

પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ્લ વર્ષ ૨૦ કુલ્લ અંક ૨૦૮

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ - ૧૪ અંક - ૧ - જાન્યુઆરી – ૨૦૧૪
સળંગ અંક - ૩૩૭

પ.પૂ.ધ.ધૂ ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી
મહારાજના શુભાશીર્વાદથી

**:: સંસ્થાપક ::**
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

**:: માલિક ::**
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

**:: પ્રકાશક અને મુદ્રક ::**
સ.ગુ.મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છપાવી ભુજ-કચ્છથી પ્રસિધ્ધ કર્યું.

**:: તંત્રી ::**
શાસ્ત્રી સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

**:: સહતંત્રી ::**
શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી
સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી

**: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ :**
**શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય**
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ. પીન : ૩૭૦ ૦૦૧.
ફોન : (૦૨૮૩૨) ૨૫૦૪૩૧ ટેલીફેક્સ (૦૨૮૩૨) ૨૫૦૧૩૧
**E-mail :** sandesh@bhujmandir.org • info@bhujmandir.org
**website :** www.bhujmandir.org

# તંત્રીની કલમે

ધ્યાન-જ્ઞાન, ભજન-કીર્તન અને મહામંત્રની ધૂનની ધ્વનિથી ધબકતો માસ એટલે ધનુર્માસ ! ધનુર્માસમાં મહર્ષિ સાંદિપનીના આશ્રમમાં રહીને ભગવાન શ્રી કૃષ્ણે ૬૪ કળાઓ ભણવાનો આરંભ કર્યો હતો. આપણા સંપ્રદાયના મંદિરોમાં પણ શ્રી સ્વામિનારાયણ ભગવાન ભણવા જાય છે તેવા ભાવ સાથે ઠાકોરજી સમક્ષ પાટી, પેન, નોટ, પેન્સિલ, પુસ્તકો વગેરે વિદ્યાભ્યાસની સામગ્રી મૂકવામાં આવે છે. હરિભક્તો પણ ધાર્મિક સત્શાસ્ત્રોનું પઠન-પાઠન આ માસમાં વિશેષ કરે છે.

આપણા મંદિરોમાં મંગળા આરતી બાદ 'સ્વામિનારાયણ' મહામંત્રની ધૂન કરવાની પરંપરા છે. ધૂન ઉપરાંત સંગીતની સૂરાવલિ સાથે ભક્તિભાવથી ભરપૂર ભજન-કીર્તન ગાઈને હરિભક્તોનાં હૈયાં ગદ્ગદ થઈ જાય છે ! ભક્તિરસમાં ભીંજાઈ જાય છે !

આપણા ધર્મનું મુખ્ય પ્રમાણ વેદ છે, અને વૈદિક ધર્મનું મુખ્ય લક્ષણ યજ્ઞ છે. આપણા દેશમાં પૌરાણિક કાળમાં સર્વત્ર યજ્ઞો થતા. યજ્ઞની શિક્ષા આપતાં શ્રીકૃષ્ણે ગીતામાં કહ્યું છે કે 'દ્રવ્યમય યજ્ઞ કરતાં જ્ઞાનમય યજ્ઞ શ્રેષ્ઠ છે.' તેમાંય જપયજ્ઞ (ભજન-કીર્તન-ધૂન) ને ભગવાને પોતાની 'વિભૂતિ' બતાવ્યો છે.

'સ્વામિનારાયણ' મહામંત્રનો એકાગ્ર ચિત્તે સંપૂર્ણ નિષ્ઠા, સમર્પણ અને ભક્તિભાવ સાથે જપ કરવો એટલે 'જપયજ્ઞ'. આ મહામંત્રનો જપ(યજ્ઞ) કરતાં ભગવાન શ્રી સ્વામિનારાયણનું સ્વરૂપ અંતરમાં દેખાવું જોઈએ, મહારાજના ગુણ-કર્મોનું સ્મરણ થવું જોઈએ, તેમની લીલાઓ દૃશ્યમાન થવી જોઈએ, મહારાજનું સર્વોત્તમપણું ધ્યાનમાં આવવું જોઈએ. તેને 'જપયજ્ઞ' કહેવાય. અનંત કોટિ બ્રહ્માંડોના અધિપતિ સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાને સ્વમુખે ઉદ્ઘોષ કરી સિધ્ધ કરેલો, પાવનકારી મહાપવિત્ર, સર્વશ્રેષ્ઠ, સર્વશક્તિમાન તેમજ કલ્પવૃક્ષ સમાન અમોઘ ફળ પ્રદાન કરનાર મહામંત્ર છે.

ધનુર્માસને ભજન-કીર્તન-ધૂનસહ ભક્તિના માસ તરીકે ગણાવી શકાય. આવા ભક્તિથી ભરપૂર પવિત્ર માસમાં આપણે સૌ સત્શાસ્ત્રોનો અભ્યાસ કરીએ, મનન-ચિંતન કરીએ, મહારાજની આજ્ઞાઓ જીવનમાં વણી લઈએ અને ભજન-કીર્તન-ધૂનના 'જપયજ્ઞ'ના આધારે ભવસાગર તરી જવાનો સંકલ્પ કરીએ.

જય શ્રી સ્વામિનારાયણ !



# વેદથી વચનામૃત શાસ્ત્રાવતરણનું પ્રયોજન

## વેદોપબૃંહણ રૂપ ઉપનિષદ્ ગ્રન્થ યુગ

લેખાંક-૨૭

લેખક : ડો. સ્વામી સત્યપ્રસાદદાસજી

પ્રણવ ઉપાસના અને તેનું ફળ..

ઓંકારમાં ત્રણ માત્રાઓ છે. અ - ઉ - મ્ . એક માત્રાત્મક ઉપાસના, દ્વિમાત્રાત્મક ઉપાસના, ત્રીમાત્રાત્મક ઉપાસનાનું અલગ અલગ મહર્ષિએ ફળ બતાવીને જે વ્યક્તિ એક માત્રાત્માક ઓંકારની ઉપાસના કરે છે તેને ઋગ્વેદની ઋચાઓ આ મનુષ્યલોકની પ્રાપ્તિ કરાવે છે. જે દ્વિમાત્રાત્માક ઓંકારની ઉપાસના કરે છે તેને યજુર્વેદની ઋચાઓ સ્વર્ગલોકની પ્રાપ્તિ કરાવે છે. અને જે ત્રણ માત્રાત્મક ઓંકારની ઉપાસના કરે છે તેને સામવેદની શ્રુતિઓ તે પૂર્ણ બ્રહ્મલોકમાં પહોંચાળી દે છે. તે પૂર્ણરૂપથી ઓંકારની સાધના કરનાર શાંત, અજર,અમર, અભય તથા પરમશ્રેષ્ઠ પરમાત્માને પ્રાપ્ત કરી લે છે.

છઠો પ્રશ્ન - ઋષિ સુકેશાએ મહર્ષિ પિપ્પલાદને વિનમ્રપૂર્વક પ્રશ્ન પૂછે છે હે મહર્ષિ! સોળ કળા વાળા પુરુષ કોન છે ? અને તેમાંથી સોળ કલા કેવી રીતે પ્રગટ થાય છે ?

ઉત્તર - મહર્ષિ પિપ્પલાદ કહે છે હે પ્રિય સુકેશા ! જે સોળ કલાયુક્ત પુરુષ છે તે આ જ શરીરમાં વિદ્યમાન છે. સૃષ્ટિ રચનાનો ક્રમ બતાવીને હવે ઉપસંહાર સમજાવતાં ઋષિ કહે છે - જેવી રીતે નદિઓ સમુદ્રાભિમુખ થઈને સમુદ્ર તરફ આગળ વહે છે અને અન્તે તેમાં લીન થઈ જાય છે. ત્યારે તેનું નામ રૂપ બન્ને સમાપ્ત થઈ જાય છે. અર્થાત્ ગંગા યમુના સરસ્વતી કાવેરી કે પછી સરયુ વગેરે નદિનાં જુદાં જુદાં નામ અને તેનો જુદો જુદો આકાર હોય છે પરન્તુ જ્યારે સમુદ્રમાં સમાઈ જાય છે ત્યારે ન તો ગંગાનું પાણી અલગ દેખાય છે કે ન યમુનાનું પાણી અલગ દેખાય છે. તેનું જુદુ અસ્તિત્વ રહેતુ જ નથી. તેવી રીતે આ સમસ્ત બ્રહ્માંડ જે પરમાત્માની સોળ કળાથી યુક્ત છે અંતમાં તેમાં લીન થઈ જાય છે ત્યારે તેનું નામ કે રૂપ અલગ રહેતું નથી. ત્યારે એક માત્ર પૂર્ણ બ્રહ્મ રહે છે. તે પોતાની સમસ્ત



કળાઓ સંકોલી લેવાને કારણે કળારહિત તથા અમૃતસ્વરૂપ રહે છે. આ પ્રકારે જે પૂર્ણ બ્રહ્મને જાણે છે તે મોક્ષને પ્રાપ્ત કરી લે છે.

મુણ્ડકોપનિષદ્

મુણ્ડકોપનિષદ્ અથર્વવેદથી સંબંધિત શૌનકી શાખાનું ઉપનિષદ્ છે. આ ઉપનિષદ્‌ના નામમાં 'મુણ્ડ' ધાતુનો પ્રયોગ કરવામાં આવ્યો છે જેનો અર્થ થાય છે મુંડન અથવા માથાના વાળને ઉતારવા. ઘણાભાગે સંન્યાસીઓ મુંડન કરાવતા રહે છે ત્યારે જ બ્રહ્મજ્ઞાનના અધિકારી થાય છે. તેથી સંન્યાસીઓથી સંબંધિત હોવાને આ બ્રહ્મ ચર્ચાને મુણ્ડકોપનિષદ્ નામ આપવામાં આવ્યું છે. એક બીજી વ્યાખ્યા પ્રમાણે જેવી રીતે મુંડન કરવાથી માથાના વાળનું આવરણ સમાપ્ત થઈ જાય છે તેવી રીતે આ ઉપનિષદ્‌ના બ્રહ્મજ્ઞાનથી અજ્ઞાનરૂપી વાળનું મુંડન થઈ જાય છે. તેથી આને મુંડકોપનિષદ્ કહેવામાં આવે છે. ત્રીજી વ્યાખ્યા પ્રમાણે બધા ઉપનિષદોમાં આ ઉપનિષદ્ ઉત્તમ હોવાને કારણે બધાનું મસ્તક સ્વરૂપ છે. તેથી તેને મુણ્ડક કહેવાય છે.

આ ઉપનિષદ્‌માં પરા અને અપરા બે વિદ્યાનું વર્ણન કરવામાં આવ્યું છે. તેમાં પરમાર્થ તત્ત્વનો બોધ કરાવનાર

પરા વિદ્યા છે અને જે સાંસારીક જીવોની પ્રવૃત્તિનો વિષય છે તેને અપરા વિદ્યા કહે છે. આ ઉપનિષદ્‌માં પૂર્વાર્ધમાં મુખ્યપણે અપરા વિદ્યા અને ઉત્તરાર્ધમાં મુખ્યપણે પરા વિદ્યાનું વર્ણન કરવામાં આવ્યું છે. તેમજ અગ્નિહોત્રી યજ્ઞ તથા દ્વા સુપર્ણા નામક પ્રસિદ્ધ રુપક પણ છે.

"द्वा सुपर्णा सयुजा सखाया समानं वृक्षां परिस्वजाते ।
तयोरन्यः पिप्पलं स्वाद्वत्तयनश्नन्नान्यो अभिचाक्रशीति ।।"

બે શોભાયમાન પાંખોવાળા શરીરમાં સાથે રહેનારા એક બીજા વગર રહિ ન શકે તેથી મિત્રરૂપ એક શરીરરૂપી વૃક્ષમાં પ્રવેશ પામેલા તે બેની મધ્યે એક જીવ કર્મ ફળ પ્રીતિ પૂર્વક ખાય છે. બીજા પરમાત્મા ખાધા વગર પ્રકાશે છે. જીવાત્મા અને પરમાત્મા બન્ને નો ભેદ છે એવું સ્પષ્ટ થાય છે.

આ ઉપનિષદ્‌માં ત્રણ મુંડક છે અને પ્રત્યેક મુંડકમાં બે બે ખંડો અર્થાત્ કુલ મળીને ૬ ખંડો છે. કુલ મંત્રોની સંખ્યા ૬૪ છે.

શૌનક ઋષિએ અંગિરા ઋષિને પૂછ્યું કે - કયું એવું તત્ત્વ છે જેને જાણી લેવાથી બધી વસ્તુઓનું જ્ઞાન થઈ જાય? ઉત્તરમાં ઋષિએ પરા તથા અપરા નામની વિદ્યાઓને જાણવા યોગ્ય બતાવી. વેદ અને વેદાંગ અપરા વિદ્યા છે અને જેનાથી બ્રહ્મનું જ્ઞાન થાય છે તે પરા વિદ્યા છે. પરમાત્મા ઈન્દ્રિઓની પહોંચથી બહાર છે. તે સર્વદા સર્વત્ર વ્યાપક છે. જ્ઞાની મનુષ્ય તેને સર્વત્ર જુવે છે. તે પરમાત્મા જ જગતના નિમિત્ત અને ઉપાદાન કારણ છે.

"यथोर्णानाभिः सृजते गृह्यते च यथा पृथिव्यामोषधयः सभवन्ति ।
यथा सतः पुरुषात्केशलोमानि तथाक्षारात्संभवतीह विश्वम् ।।"

કરોડીયો જેમાં પોતાના પેટમાંથી તંતુ કાઢે છે અને પુનઃ તેમાં જ સંકોલી લે છે. તેવી રીતે પરમાત્મા જગતની ઉત્પત્તિ કરી લે છે અને ફરી તેને પોતામાં સંકોલી લે છે. પૃથ્વીમાં જેવું બીજ વાવીએ તેવું વૃક્ષ, તૃળ, અન્ન આદિ ઊગે છે. તેવી રીતે પોત પોતાના કર્મોને અનુસાર જીવ શરીર ધારણ કરે છે. જેવી રીતે જીવીત શરીર ઉપર વાળ, નખ આદિ પોતાની રીતે જ વધે છે તેવી રીતે પરમાત્માથી વિશ્વ ઉત્પન્ન થાય છે. જગતની ઉત્પત્તિ કરવા માટે પરમાત્માને કોઈ પ્રકારનો પ્રયત્ન કરવો પડતો નથી.

ઉપનિષદ્ કહે છે કે - જે પરબ્રહ્મ અતિશય દેદીપ્યમાન પ્રકાશ સ્વરૂપ છે. જે સૂક્ષ્મથી પણ અતિ સુક્ષ્મ છે. જેમાં સમગ્ર લોક અને તેમાં રહેનાર સમગ્ર જીવ-જન્તુ સ્થિર છે તે જ પરમ અક્ષર, પરમ સત્ય અને અમૃત અવિનાશી તત્ત્વ છે. તે પરમાત્માને પ્રાપ્ત કરવા માટે ઉપનિષદ્ યુક્તિ બતાવે છે.

આ ઉપનિષદ્‌ના ત્રીજા મુણ્ડકના પહેલા ખંડમાં જે મંત્ર દ્વારા સત્યનું પ્રાધાન્ય અને સત્યની પ્રશંસા કરેલ છે તે મંત્ર આજે વિશ્વભારમાં પ્રસિદ્ધ છે અને સૌ કોઈ નાના મોટા તમામ વિશ્વના લોકોને મુખે આ મંત્ર ગવાતો હશે કારણ કે આ મંત્ર ભારત સરકારે રાષ્ટ્રીય મંત્ર તરીકે સ્વીકાર્યો છે અને ભારતીય મુદ્રામાં તેને સ્થાન આપવામાં આવ્યું એ સુપ્રસિદ્ધ મંત્ર છે -

"सत्यमेव जयते" नानृतं सत्येन पन्था विततो देवयानेः ।
येना क्रमन्त्यृषयो ह्याप्तक्रामा यत्र तत्सत्यस्य परमं निधानम् ।।

સત્યનો જ જય થાય છે અસત્ય ક્યારેય જય પામતુ નથી. વિસ્તારયુક્ત અર્ચિરાદિ માર્ગ પણ સત્યથી સિદ્ધ થાય છે, આત્માસ્વરૂપના સાક્ષાત્કારવાળા ઋષિયો તૃષ્ણાએ રહિત જે સત્યરૂપી માર્ગથી પ્રાપ્ત કરે છે જ્યાં તે સત્યનો સર્વોપરિ પ્રાપ્ય નિધિ છે.

**ક્રમશઃ**

# જાન્યુઆરી, ૨૦૧૪ની કચ્છમાં કથા પારાયણો

**ફોટડી** :પ.ભ. નારણભાઈ કરસન ભુડીયા પાંચ દિવસની કથા તા. ૪-૧-૧૪ થી ૮-૧-૧૪ સુધી, પોષ સુદ-૪ થી પોષ સુદ-૮

**નારાણપર** :અ.નિ. રત્નાભાઈ કાનજી વાગજીયાણી હસ્તે શીવજી મેઘજી વેકરીયા પાંચ દિવસની કથા

**ઉપલોવાસ** :તા. ૬-૧-૧૪ થી ૧૦-૧-૧૪, પોષ સુદ-૬ થી પોષ સુદ-૧૦

**ભુજ** :શ્રી સ્વામિનારાયણ મંદિર સીડની ઓસ્ટ્રેલીયાના વાર્ષિક પાટોત્સવ પ્રસંગે ભુજ મંદિરમાં પંચાહ્ન પારાયણ
તા. ૧૦-૧-૧૪ થી ૧૪-૧-૧૪ સુધી, પોષ સુદ-૧૦ થી પોષ સુદ-૧૪

**ખાતમુહૂર્ત** : તા. ૧૮-૧-૨૦૧૪ ખાતમુર્હૂત શ્રી સ્વામિનારાયણ સત્સંગ ભવન-નડિયાદ

# જામનગરના ઝવેરબા

- ગોર કૃપા પ્રકાશભાઈ - ભુજ

વ્હાલા ! વાચક મિત્રોને જય શ્રી સ્વામિનારાયણ. આપણા સ્વામિનારાયણ સંપ્રદાયના કચ્છ સત્સંગમાં અનેક મહાન મુક્તાત્માઓ થઈ ગયા જેને ભગવાન શ્રી સ્વામિનારાયણે પરચા આપેલ છે. તો એવા જ એક પ્રેમી ભક્ત સાંખ્યયોગી શ્રી ઝવેરબા વિશે આપણે જાણીએ.

ઝવેરબાનો જન્મ સં ૧૯૪૬ મહાસુદ-પના દિવસે માંડવી(કચ્છ) મુકામે થયેલ હતો. તેમના માતાનું નામ કાશીબેન અને પિતાનું નામ આત્મારામ દવે હતું. પરંપરાથી એવું જાણવા મળેલ છે કે શ્રી લક્ષ્મીરામભાઈ ઝવેરબાના નાના હતા. તેમને શ્રીમદ્ ભગવતના ૧૮૦૦૦ શ્લોકો કંઠસ્થ હતા. માંડવી મુકામે જૂનું સ્વામિનારાયણ મંદિર છે તે જગ્યાએ પોતાના ઘરમાં શ્રી લક્ષ્મીરામભાઈએ મંદિર બનાવી તેમાં શ્રી વૃંદાવનવિહારી મહારાજ - શ્રી હરિકૃષ્ણ મહારાજની મૂર્તિઓ પધરાવેલ. સાંખ્યયોગી ઝવેરબાના ગુરુમાતા કચ્છ પ્રદેશના મહામુક્ત સાંખ્યયોગી મોટીબા(જીવીબા) હતા તેમના થકી ભગવતી દીક્ષા પ્રાપ્ત થયેલી.

દીક્ષા પહેલાં ઝવેરબાના લગ્ન જામનગરના પ્રકાંડ પંડિત અમૃતલાલ સુંદરજીભાઈ વ્યાસની સાથે થયેલ. તે વિદ્વાન અને ચૂસ્ત શૈવમાર્ગી હતા. વિપ્રકન્યા ઝવેરબાઈ નામ છે.

કચ્છ પિયરને સાસરું આ ગામ છે.
ભાવે ભજતી એકલડી નિત્ય પ્રભુજી
સ્વામિનારાયણ સત્ય છે.

લગ્ન બાદ સાસરે આવેલ ઝવેરબા પોતાને મળેલ સત્સંગના મૂળભૂત સંસ્કારો યથાવત રાખીને સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનની ઉપાસના, ભક્તિ, ભજન, પૂજા નિયમ શિરસાટે અડગ ચાલું રાખ્યું પણ આ તેમના સસરા પરિવારને ન ગમ્યું. તેમને સત્સંગ જાળવવા અનેક મુશ્કેલીઓ આવી છતાં તલવારની ધારની ઉપર રહેવું એ પ્રમાણે વર્તન જાળવ્યું. સમય જતા તેમને પુત્ર રત્ન પ્રાપ્ત થાય છે. થોડા વર્ષો બાદ ઝવેરબાને ગળથૂંથીમાં મળેલ સત્સંગના સંસ્કારને કારણે દીક્ષા લઈ પ્રભુ ભજવાનો સંકલ્પ કરે છે. અને ભાગવતી દીક્ષા લે છે. દીક્ષા બાદ સાંખ્યયોગી ઝવેરબા જામનગર મુકામે પોતાના ઘરે રહીને પ્રભુ સ્મરણ કરતા. મનુષ્યને પ્રારબ્ધના કર્મોને આધારે જ તેને સુખ દુઃખની પ્રાપ્તિ થાય છે.

ભક્ત કે અભક્ત ભલે ગણાય
કર્મ પ્રમાણે સુખ દુઃખ થાય
શૂળી લખી સોય વડે મટાડે
ભક્તિ કરે કપટ હર ઘટાડે.

પ્રારબ્ધના કર્મોનુંસાર દીક્ષા લીધા બાદ સાંખ્યયોગી શ્રી ઝવેરબાને 'ઝામર' નામનો આંખનો રોગ થયો. શ્રીહરિની મરજી જાણી તે સ્વીકારી લીધો. તેમનો પરિવાર સક્ષમ હતો છતા સાંખ્યયોગના નિયમ અનુસાર તેમનું છેડાવ્રતનો ભંગ થાય માટે ઈલાજ ન કરાવ્યો. શ્રીહરિની આજ્ઞા ન તોડી. સમય જતાં આંખે દેખાતું સંપૂર્ણ બંધ થયું છતાં ઝવેરબાએ તમામ પીડાને શ્રીજીનો પ્રસાદ સમજીને નત મસ્તકે સ્વીકારી પ્રભુ ભજવાનું ચાલું રાખ્યું.

પૂર્વ કર્મ મટે કેમ ભાવિ, થયો ઝામરને આંખે ખોટ આવી.

થાય પીડા અંગોઅંગ સહાય કરજો પ્રભુજી, સ્વામિનારાયણ સત્ય છે.

વૈદ્ય ડોક્ટરોને આંખડી બતાવી, સહુએ

ઓપરેશન કરવા સમજાવી

છેડાવ્રત આજ છૂટે લાજ રાખો પ્રભુજી, સ્વામિનારાયણ સત્ય છે.

વિક્રમ સંવત ૧૯૮૯ પોષ સુદ-૧૧ તે મંદિરે આવે છે. શ્રી ઘનશ્યામ મહારાજના દિવ્ય દૃષ્ટિથી દર્શન કરતાં તેમનું હૃદય ભાવથી ભરાયું અને આંખોમાંથી આંસુની ધારા નીકળી. મનોમન મહારાજને વિનંતી કરવા લાગ્યા. પ્રભુથી ભક્તનું દુ:ખ ક્યારેય પણ અજાણ્યું નથી, કારણ કે તેમના હૃદયમાં તેઓ સાક્ષાત્ નિવાસ કરીને રહે છે. ભક્તની વિનમ્ર ભાવ ભરેલી પ્રાર્થનાએ પ્રભુને સહાય કરવા તૈયાર કર્યા ત્યારે મહારાજ દિવ્ય ચરિત્ર કરવાનો સંકલ્પ કર્યો.

દર્શન કર્યા બાદ ઝવેરબા પ્રદક્ષિણા કરવા લાગ્યા. પ્રદક્ષિણાના પાછલા ભાગમાં પહોંચ્યા ત્યાંજ ભક્તોના બેલી "કોઈને દુ:ખીયો રે, દેખી ન ખમાય દયા આણી રે" ભક્તની વહારે શ્રીહરિએ વનિતા(સ્ત્રી)નું રૂપ ધરી ભક્તની સાથે પ્રદક્ષિણા કરવા લાગ્યા. ઝવેરબા પાસે જઈ મધુર સ્વરે કુશળ સમાચાર પૂછ્યા. શ્રીહરિની મંગલ રૂપિણી વાણી સાંભળીને તે ભાવવિભોર બન્યાં અને પોતાને થયેલ કર્માનુસારની પીડા જણાવી. ત્યારે સ્ત્રી રૂપધારી પ્રભુએ કહ્યું મારી પાસે તે દવા તરીકે ટીપાં છે. ઝવેરબાએ ટીપાની હા પાડી. સ્ત્રીરૂપધારી ઘનશ્યામ મહારાજે પોતાના હાથે જ તેમની આંખોમાં ટીપાં નાખ્યાં અને પીડા ટળતાની સાથે જ તેઓ અંતર્ધાન થઈ ગયા. થોડી વારમાં તે સંપૂર્ણ દેખતાં થયા અને દરેકને આ દિવ્ય પ્રસંગની વાત કરી.

હરિએ નાખ્યું ટીપું નિજ હાથે, મહા અમૃતમય હાથ મૂકી માથે,

દુ:ખ કાપ્યું સુખ આપ્યું દીનાનાથે પ્રભુજી સ્વામિનારાયણ સત્ય છે.

આ જ ઝવેરબાને બીજી વાર પરચો પૂર્યો હતો. એમના પગે વાનો દુ:ખાવો થતો હતો. ગોઠણથી પગ વળતો નહી. પ્રભુ પર આસ્થા એ જ તેનો ઉપચાર. એકવાર ભક્ત ચિંતામણિ વાંચતા જરા જોલું આવી ગયું ત્યાં કોઈકે આવી અંગૂઠો પકડીને પગ હચમચાવ્યો તેથી તરતજ જાગી ગયા અને આજુબાજુ જોયું તો કોઈ નહિ. આમ એક બે વાર થયું. તે ઊભા થઈ નીચે આવી પૂછ્યું ઉપર કોઈ આવ્યું હતું ? પણ તમે નીચે કેવી રીતે આવ્યા ? ત્યારે બધાએ જાણ્યું કે શ્રીજી મહારાજ પોતે આવી વાંનો દુ:ખાવો દૂર કરી ગયા. તેથી જ તો કહેવાયું છે કે

"આજ કળિયુગમાં પરચા પૂરે પ્રભુજી સ્વામિનારાયણ સત્ય છે.

પણ મૂર્ખ લોકો આ વાત નહિ માને, જુવો આંખેને સાંભળો સૌ કાને, ખરી ખાતરી કરી છે માવદાને પ્રભુજી...

આમ, સંવત ૨૦૩૬ શ્રાવણ સુદ-૧૩ના જામનગર મુકામે તેઓ અક્ષરવાસી થયા.

# "કલ્યાણકારી ભક્ત"

- ભરતભાઈ એસ. ઠક્કર (ભુજ-કચ્છ)

ભક્તિ એટલે જીવનનો અવિરત આનંદોત્સવ. પ્રેમ ભક્તિ. નિષ્કામ ભક્તિ. નવધાભક્તિ.

ભગવાનના ગુણ પરાક્રમ, મહાત્મય કૃપા સ્મરણ કરતાં ચિત્ત દ્રવિત થઈ જાય અને ધારા પ્રવાહરૂપે મનની તમામ વૃત્તિઓ ભગવાન તરફ વહેવા લાગે . તમામ વૃત્તિઓ ભગવાનના સંબંધમાં ઉઠે તે ભક્તિ કહેવાય. ભક્તિનું પ્રાધાન્ય બતાવતાં

શ્રીજી મહારાજ ગ.મ. પ્ર. ના ૨૬માં વચનામૃતમાં કહે છે. ભગવાનના ભક્તને તો ભગવાનની ભક્તિ કરતાં આત્મજ્ઞાન, વૈરાગ્ય તથા ધર્મ તે જો અંતરાય કરતાં હોય તો તેને પણ પાછા પાડીને ભગવાનની ભક્તિનું જ મુખ્યપણું રાખવું અને જો એ ભક્તિને સહાયરૂપ થતાં હોય તો ઠીક છે એમ સમજે એજ ભગવાનનો પરમ ભક્ત કહેવાય. શ્રીજી મહારાજે ભક્તિને પ્રાધાન્ય આપ્યું છે. એ ભક્તિ નિષ્કામ હોવી જોઈએ. એટલું જ નહીં પ્રભુને પ્રગટ અંતર્યામી જાણીને કરવી જોઈએ. કેવળ પ્રભુની પ્રસન્નતા માટે ભક્તિ થવી જોઈએ. લોકોને દેખાડવા, માન સન્માન, રસાસ્વાદ કે અર્થપ્રાપ્તિ કે દંભથી થતી ભક્તિ ફળદાયી બનતી નથી. સાચી ભક્તિતો સર્વસ્વનું સમર્પણ માંગે છે. પ્રભુ ખાતર આ જગતમાં ત્યાગ ન થાય એવું કશું રહે નહિ. એવી અંતરમાં પ્રબળ દૃઢ ભાવના જ ભક્તિની દૃઢતા વધારે છે.

શિક્ષાપત્રીમાં ૧૧૬માં શ્લોકમાં ભક્તિ કેવા ભાવે કરવી એ બાબત સ્પષ્ટ કરી છે. ભક્તિનો માર્ગ તો સૂરાનો છે. ભક્તિ તો શિશતણુ સાટું છે. આ પ્રમાણે આત્મભાવ, બ્રહ્મભાવ કેળવીને સત્સંગમાં ભક્તિ કરવાનું ઊંચું ધ્યેય મહારાજે અને સંતોએ બતાવ્યું છે.

જેના હૃદયમાં ભગવાનની ભક્તિ હોય છે તેના હૃદયમાં સર્વે ગુણો આવીને નિવાસ કરીને રહે છે.

જીવ પરમાત્મા સુધી કેવી રીતે પહોંચે, તો ભક્તિ દ્વારા જીવ પરમાત્મા સુધી પહોંચે છે.

---

# સુખસ્ય મૂલં દુઃખમ્

- પ્રીતિ કરશનભાઈ પોકાર, ઘડાણી

આ પ્રપંચમાં પ્રાણી માત્ર સુખની જ અપેક્ષા રાખે છે. સુખ નહિ દુઃખ જોઈએ. એવું કહેનારો માનવી મળવો મુશ્કેલ છે. અને તેથી કરીને જ સવારથી ઉઠીને રાત્રીએ સૂતાં સુધી દરેક માનવી સુખ પ્રાપ્ત્યર્થે અને દુઃખ નિવારણાર્થે એક સરખો પ્રયાસ કર્યા જ કરે છે. આ તેનો પ્રયાસ નિષ્ફળ નથી. સુખ સંપાદન અને દુઃખ નિવારણ એ મતિમાન માનવનું કર્તવ્ય કર્મ જ છે.

પણ સુખ અને દુઃખ એ શું તત્ત્વ છે. એ પ્રથમ જિજ્ઞાસા રહે છે. સુખ એટલે સામાન્ય પણે મનની પ્રસન્નતા અને દુઃખ એટલે મનની ઉદ્દિગ્નતા. શાસ્ત્રમાં પણ લખે છે : " સર્વેષામનુકૂલતયા વેદનીયં સુખમ્ । પ્રતિકૂલ તયા વેદનીયં દુઃખમ્ ॥" આથી સર્વને અનુકૂળ અને પ્રતિકૂળ વેદન એજ સુખદુઃખ છે. હર કોઈ મન ઈચ્છિત વસ્તુ પ્રાપ્ત થતાં પ્રસન્ન થાય છે. ન મળતાં મનમાં ઉદ્વેગ થાય. આ ઉપરથી સુખ અને દુઃખ મનના ધર્મ છે. એમ ફલિત થાય છે. મનનું લક્ષણ કરતાં શાસ્ત્રમાં પણ લખે છે.

સુખ દુઃખનું સાક્ષાત્કાર કારણ હોઈને જે ઈન્દ્રિયત્વ તે મનનું લક્ષણ છે. આનું વિશેષતઃ નિરીક્ષણ કરતાં સુષુપ્તિ અવસ્થામાં પડેલા માણસની સ્થિતિ જોઈને દેખાઈ આવશે. ગાઢ નિદ્રા લાગતાં. જાગૃત અવસ્થામાં થતાં કે થનારાં સુખદુઃખનું બિલકુલ ભાન રહેતું નથી. માણસ જાગતાં જ એના વ્યવહારો શરૂ થાય છે. અને મનુષ્યને સારા-નરસાનું સ્મરણ થતાં જ તે સુખ દુઃખ માનવા લાગે છે.

બધા મનુષ્યોનો સ્વભાવ સરખો નહિ હોવાથી તેઓની મનોવૃત્તિઓ પણ સરખી હોતી નથી. તેથી જે મનુષ્યને એક વસ્તુ સુખકારક કે દુઃખકારક લાગે. તે જ વસ્તુ બીજાને વિપરીત પણ લાગે.એટલું નહિ પણ દેશકાળ પરત્વે તેમ જ બીજા કારણને લઈને

પણ મનુષ્યની મનોવૃત્તિમાં ફેરફાર દેખાય છે.

ઠંડા પ્રદેશમાં કે શિયાળામાં ઉનના ગરમ કપડાં પહેરવાની ઈચ્છા થાય. અને તે પહેરવાથી જ સુખ થાય. પણ ઉષ્ણદેશમાં કે ઉનાળામાં તે વાપરવાની ઈચ્છા થતી નથી. અને તે વાપરવાથી દુઃખ થાય ભૂખ લાગતા અન્ન સુખકર લાગે પણ તાવ આવતાં તે ઝેર જેવું લાગે. સ્મશાન વૈરાગ્ય જ્યાં સુધી હોય ત્યાં સુધી પ્રપંચ દુઃખદાયક લાગે છે. પણ તે વૈરાગ્ય મટી જતાં પ્રપંચ સુખદાયક લાગે છે.આ પ્રમાણે મનોવૃત્તિની ભિનતાને લઈને સુખદુઃખને મનોભાવ થાય છે.

ખરેખર દુઃખ ભોગવ્યા પછી જો સુખ આવી પડે તો તે ઘણું જ શોભી ઉઠે છે. જેમ અંધારામાં દીવો દેખાઈ આવે અને તે જેવો શોભે છે. તેમ પણ જે માણસ સુખમાંથી દારિદ્રય દુઃખને પામે છે. તે ભલે શરીરધારી જીવે પણ મૂવા સમાન જ છે. માટે દુઃખ વિના સુખની પ્રાપ્તિ થવી. હરકોઈ વસ્તુમાં દીર્ઘ વિચાર કરતાં દુઃખ પછી જ સુખાનુભાવ થાય. વિદ્યાર્થીને વિદ્યા પ્રાપ્ત કરવાં પ્રથમ દુઃખ પણ પછી સુખ છે.

ખેડૂતને ખેતી કરવા પ્રથમ દુઃખ પણ પછી સુખ છે. દ્રવ્ય કમાવવામાં પ્રથમ દુઃખ પણ પછી સુખ છે. તેમ જ પરલોકમાં મોક્ષ મેળવવા માટે હાલ દુઃખ પડે પણ પછી સુખ છે. આ પ્રમાણે સર્વત્ર દુઃખ ભોગવ્યા પછી જ સુખાનુભવ છે. માટે જ "સુખસ્ય મૂલં દુઃખમ્।" આ ઉક્તિ યથાર્થ છે.

ખરેખર જે માણસ દુઃખનો અનુભવ કર્યો હોય તેને જ સામાના દુઃખની ખબર પડે છે. જેને વીંછી કરડ્યો હોય તેને જ વીંછીની વેદના ખબર પડે છે. પણ જેણે દારિદ્રય દુઃખ ભોગવ્યું હોય તેને દરિદ્રી માણસ જોઈને સહેજે જ દયા આવે છે. ને સ્વશક્તિ અનુસારે તેને મદદ પણ કરે. પણ જેણે કોઈ દિવસ દુઃખના દિવસો જ જોયા ન હોય તે સામાનું દુઃખ જાણી શકતો જ નથી. ઉપર તેને તિરસ્કારે છે.

# પ્રીતિ પમાડે પરમધામ

- હિંમ્મત રઘુવંશી




શ્લોક-૧૦માનો ભાવાર્થ :-

"મારા સમગ્ર શિષ્યો હોય તેમણે સાવધાન થઈને પ્રીતિ વડે નિરંતર આ શિક્ષાપત્રીને અનુસરીને જ વર્તવું."

આવું વાચતાં જ ભજનની એક લીટી યાદ આવી ગઈ, "સબસે ઊંચી પ્રેમ સગાઈ, દુર્યોધન કા મેવા છાંડી ખાઈ વિદુર ઘર ભાજી." ભગવાન શ્રીકૃષ્ણે દુર્યોધનનાં છપ્પન ભોગ ઠુકરાવી વિદુરજીની ભાજી માત્ર પ્રેમ સંબંધે જ સ્વીકારી હતી ને ! આમ શ્રી સહજાનંદ સ્વામી મહારાજ સર્વે સત્સંગીઓ પાસેથી શિક્ષાપત્રીનું પ્રેમપૂર્વકનું અનુકરણ જ ઈચ્છે છે. અને જો સત્સંગીઓ આપણે સૌ આવી મૂળભૂત બાબત પ્રત્યે સાવધાન ન હોઈએ તો આપણી લોલૂપ ઈન્દ્રિયો આપણને અવશ્ય કુમાર્ગે દોરી જાય છે.

માનવ સ્વભાવ જ એવો છે કે તેને અડગ પાલન પ્રમાણમાં ગમતું નથી. અને તે તેની કલ્પિત સ્વતંત્રતામાં

જ રચ્યાપચ્યા રહેવા ચાહે છે. જે તેને અંતે સ્વચ્છંદી પણ બનાવે છે. એટલે જ મહારાજે શિક્ષાપત્રીની આજ્ઞાઓનું પ્રેમે કરી પાલન કરવાની વાત કરી છે. પ્રેમથી કરેલું કામ ઊગી નીકળે અને તેનો માનસિકને શારીરિક થાક પણ ન વર્તાય.

આવી પ્રેમ સગાઈ તો શ્રી વૃંદાવનમાં વાગતી શ્રીકૃષ્ણની વાંસળી અને તેને સાંભળતાં જ દિનદહાડે કે રાતવરાત પણ હાથમાં જે કામ હોય તેને બાજુએ મૂકીને વાંસળીના સુરે ખેંચાઈ જતી ગોપીઓએ જ સિદ્ધિ કરી બતાવી છે. સાંભળી તો બધાએ પણ માત્ર પ્રેમીઓ જ દોડ્યા..!

આપણે ટી.વી. પર ક્રિકેટની ફાઈનલ મેચ જોતા હોઈએ ત્યાં આપણા સોફાપર ફેણવાળો કાળોતરો દેખાય તો આપણે શું કરીએ ?

રસોડામાં અચાનક કૂકિંગ ગેસ સિલિંડરની પાઈપ લાઈનમાંથી આગની સેર ફૂટી નીકળે તો રસોઈ કરનારી શું કરે ?સાવધાન થઈને જીવ બચાવે ને ? માનવે પોતાનો જીવ સતત બચાવ્યે રાખવો એ ખૂબ જ જરૂરિયાતની વાત છે. પણ આ આપણા માનવજીવનને આપણી અંદર જ છૂપાયેલા ષડરિપુઓથી બચાવ્યે રાખવો તે તો અનમોલ વાત છે. સામાન્ય સાવધાની જીવ બચાવેને વિશેષ સાવધાની માનવ દેહને મોક્ષ અપાવે.

માનવ મનમાં કામુકતાનો કાળોતરો સળવળેને ક્રોધ આગ બની ભભૂકે. આપણાંજ મનની આવી ઘાતક ઉત્તેજનાઓ આપણી સાવધાનીને હણી નાખી સંસ્કારીતાનો પણ સત્યનાશ કરે છે. સત્સંગીને આવું કાંઈ શોભે ?

વળી વ્યક્તિ વ્યક્તિએ અને પરિસ્થિતિ પરિસ્થિતિએ અસાવધાનીના કારણો તો જુદાં જુદાં હોઈ શકે પરંતુ પરિણામ તો સત્સંગીની પ્રતિભાનું ખંડન કરનારું જ સામાન્ય હોય.

સામાન્યતઃ આળસ માનવનો મોટામાં મોટો શત્રુ છે. તેથી એ સૂત્ર યાદ રાખવું અતિ જરૂરી છે કે "કાલ કરે સો આજ કર, આજ કરે સો અબ." અવસર બિત્યો જાત હૈ, ફીર કરેગા કબ ? આળસ ધીમું ઝેર છે....સાવધાન....!

વળી, ફૂલ, ઝાડની વૃધ્ધિ તો હવા, પાણી, પ્રકાશ અને માવજ તે પર જ નિર્ભર છે. તેથી આ સિદ્ધાંત માનવશરીરના બાવલાંને પણ લાગુ પડે છે. તેને દરરોજ સત્સંગનું જ્ઞાન સિંચન શાસ્ત્રોની સૈદ્ધાંતિક સમજણ આપતું હવામાન, ગુરુગમ્ય જ્ઞાન સભર કરતો જ્ઞાન-પ્રકાશ અને મંદિરની નિયમિત આવન-જાવનની મનો-શારીરિક માવજત ખૂબ જ જરૂરી છે. આ સર્વેમાં નિયમિતતા, સાતત્ય, સાવધાનીથી તેને ભક્તિ, શક્તિ અને પ્રેમનું રીચાર્જીંગ જ સોળે કળાએ ખીલેલો સત્સંગી જે શિક્ષાપત્રી અને વચનામૃત પર આધારિત જીવન વ્યવહાર ચલાવાતો બનાવી શકે જે આશાને અપેક્ષા શ્રીજી મહારાજ ધર્મ પાલન કરનારાઓ પાસેથી રાખી રહ્યા છે.

# "હે... કરૂણાના કરનારા..."

- સાંખલા ઘનશ્યામ આર. (વાપી)

સવારના પહોરમાં નિત્યકર્મથી પરવારી દાદાખાચર અક્ષર ઓરડી પાસે જઈને કહે " હે મહારાજ દયા કરો.." ત્યારે મહારાજ દાદાખાચર સામુ જોઈ મરક મરક હસતાં કહે "દાદા અમે કેટલી દયા કરી, કેટલી કરૂણા કરી તેની તમને ખબર નથી નહિતર આવું ન બોલત." ઋષિમુનિઓ હજારો વર્ષ તપસ્ચર્યા કરી દેહ ઉપર રાફડા થઈ ગયા છતાં ભગવાનની પ્રાપ્તિ નથી થઈ અને આજે તમાર આંગણે

વગર બોલાવ્યે ભગવાન પધાર્યા એ કંઈ ઓછી દયા અને કરૂણા છે ? દાદાખાચરની આંખમાં આંસુ આવી ગયા અને મહારાજ હસી પડ્યા.

બીજાના દુઃખો દૂર કરી સુખીયા કરનારા આ ભારતવર્ષમાં કદાચ ઘણા મળશે પણ બીજાના દુઃખનો ભાર પોતાના માથે ઓઢીને પોતાના ગુરુ પાસે " તમારા ભક્તના નસીબમાં રામપાત્ર લખ્યું હોય તો તે મને આવે પણ તમારો ભક્ત અન્નવસ્ત્રે દુઃખી ન થાય અને તમારા ભક્તના નસીબમાં વીછીનું દુઃખ હોયતો મને રૂંવાડે રૂંવાડે કોટી વીછીનું દુઃખ થાય પણ તમારા ભક્તને ન થાય." એવું વરદાન માંગનાર એક સહજાનંદ સ્વામી સિવાય કોઈ નહિ મળે.

આભમાંથી વરસતા મેહુલીયાને કોઈ ભેદભાવ ન હોય એતો ડુંગરાને અને ખેતરનેય પલાળે અને ખારા સમુદ્ર પર પણ વરસે તેમ સહજાનંદ સ્વામી સગરામ જેવા વાઘરીના કુબામાં હોય કે પછી રાજાના મોટા મહેલમાં હોય પણ એમની દયા દષ્ટિમાં તો બધાજ સરખા પછી ભલેને રાજા હોય કે રંક ? એ કરૂણાનિધિની કરૂણાને તો મુક્તાનંદ સ્વામી જેવું દરિયાવદિલ વ્યક્તિત્વ ઓળખી શકે અને કાંતો માણીગર માનીને બેઠેલી માણકી.

જ્યારે કોઈ નિરાધાર થઈને આધારને પ્રાર્થના કરે અને હૃદયમાંથી શબ્દો સરી પડે કે હે પ્રભુ ! હવે તો એક હી એક આધારા ત્યારે આધાર જરૂર વરસે અનરાધાર પણ હૃદય ચોખ્ખું કરીને "હું" પણું ભૂલી જવાય ત્યારે સહજાનંદ સ્વામીની નજરમાં અવાય અને સહજાનંદ સ્વામીની નજરમાં આવેલો ક્યારેય દુઃખિયો ન રહે.

" હે કરૂણાના કરનારા તારી કરૂણાનો કોઈ પાર નથી " એ કરૂણાના કરનાર કોણ ? મારાને તમારા ઈષ્ટદેવ શ્રીજી મહારાજ પોતે. પ્રેમાનંદ સ્વામી કહે "દુઃખિયો દેખી ન ખમાય, દયા આણી રે. આપીને દુઃખ ટાળે." અનેક જીવોને આ લોકમાં સુખિયા કર્યા અને અનેક જીવોને પોતાનું અક્ષરધામ આપી પરલોકમાં પણ સુખિયા કર્યા.

ખુદ પુરુષોત્તમ નારાયણ એમ કહેતા હોય કે અમે તો મુઠ્ઠીજારમાં કલ્યાણ કરવા આવ્યા છીએ એજ આ જીવ ઉપર કરૂણાનું ઉત્તમ ઉદાહરણ છે. તેમ છતાં પણ આપણે એમ કહીએ કે અમારી પાસે મુઠ્ઠી જાર પણ નથી તો પછી આપણા જેવો બીજો અભાગિયો કોણ ?

---

# સ્પર્શાસ્પર્શ વિવેક

લે.- રસીકભાઈ ગોવાળીયા સુરત

ધર્મ એટલે શું ? જાણવા સમજવા છતાં જેનું આચરણ કરતાં નથી અને અધર્મ એટલે શું ? એ જાણવા સમજવા છતાં અનો ત્યાગ કરતાં નથી. તેનું નામ મહાભારતના ઈતિહાસનો દુર્યોધન. અને આવુંજ કંઈક આપણું છે. સાદી રીતે જોઈએ તો માણસ ધર્મ જે જાણીએ સમજીએ છીએ છતાં આચરણ કરતા નથી. અને અધર્મનો ત્યાગ કરતા નથી. જીવનમાં જે કરવાની જરૂર છે તે નથી કરતા એ પણ હોંશે હોંશે અને જે નથી કરવાની જરૂર તે પહેલું કરીએ છીએ. આ જાણો કે આજે માણસનો સ્વભાવ થઈ ગયો છે એમાંય જીવનમાં જેનો સ્પર્શ અને સંગ ન કરવા ધર્મશાસ્ત્રોમાં કહ્યું છે તેનો સ્પર્શ અને સંગ કરવાની માણસને મજા આવતી હોય છે. આડાઈ અને અવળાઈ કે અવળચંડા માણસને જાણે આદિકાળથી વરેલી હોય તેમ લાગે છે.

માણસ જીવનમાં સુખ-સગવડની સુવિધા જાળવવામાટે કેટલીક વખત વિવેક બુધ્ધિનો ઉપયોગ

કરે છે. પણ સ્પર્શ અસ્પર્શ બાબતમાં કોણ જાણે કે કેમ વિવેક વિસરી જાય છે. ધર્મશાસ્ત્રો અને સંતો, ધર્માચાર્યો અને આગળ (પૂર્વે) ઋષિમુનીઓ લખી ગયા છે કે એક પુરુષ કે એક સ્ત્રી કોઈપણ અરસપરસ મનથી સ્પર્શ કરે તો શરીર, સ્વભાવ અને મનના ગુણ-દોષોના જંતુઓ સ્પર્શના કારણે એમનામાં સંક્રમણ થાય છે. જેમ કે ગરમ કે ઠંડી વસ્તુનો કોઈ સ્પર્શ કરે તો અનુભૂતી થાય છે. જ્યારે આમા અનુભૂતિ પછી થાય છે જ્યારે કોઈ સંતપુરુષ કે સાધુચરણનો આપણે સ્પર્શ કરીએ કે કોઈ આસુરી તત્ત્વ કે વેશ્યાનો સ્પર્શ કરીએ એનો આપણા મન, શરીર, સ્વભાવ ઉપર તરત જ અસર થાય છે આથી એમ કહી શકાય અને ઈતિહાસ પણ પોકારીને કહે છે કે માત્ર સ્પર્શના કારણે જો માણસનું જીવન કાં ઉન્નતિના શિખરે પહોંચે છે કાં અવગતિની ઊંડી ગર્તામાં ધકેલાઈ જાય છે. તે ચોક્કસ નિર્વિવાદીત વાત છે.

માટે આપણા ઈષ્ટદેવ ભગવાન શ્રીસ્વામિનારાયણ શિક્ષાપત્રીમાં સ્પષ્ટ આજ્ઞા કરી છે કે મંદિરમાં દર્શન કરતી વખતે સ્ત્રી પુરુષોએ સ્પર્શ ન કરવો. મર્યાદા ઉલ્લંઘન ન કરવું કારણ કે જ્યારે મંદિરમાં પ્રભુના દર્શન કરતી વખતે સાત્ત્વિકગુણ વર્તતો હોય તેવા સમયે કોઈપણ સ્ત્રી કે પુરુષ સ્પર્શ કરે તો કામના તરફ અને રજોગુણ વર્તવા લાગે છે તેવા વખતે જ્ઞાનીઓનું જ્ઞાન ભકતોની ભક્તિ ધર્મનિષ્ઠકોનો ધર્મ, બુધ્ધિશાળીઓની બુધ્ધિ, વિદ્વાનોની વિદ્યા સત્તાધીશોની સત્તા, ધનકુબેરોનું ધન હરાઈ જાય છે. માટે વિવેકી સ્ત્રીપુરુષોએ સ્પર્શ અસ્પર્શનો વિવેક મર્યાદા જરૂર જાળવવી જોઈએ. આપણા ઈષ્ટદેવની શિક્ષાપત્રીમાં કરેલી આજ્ઞા તેમજ આગળ પણ દાદાના દરબારમાં ધર્મસભામાં મહારાજે કરેલી સ્પર્શ અસ્પર્શનો વિવેકની આજ્ઞા તેમજ વચનામૃતમાં પણ રાજબાઈના પ્રશ્નના ઉત્તરરૂપ અને આ ગમે અમને આ ન ગમે તે માટે સ્ત્રીને પુરુષને મર્યાદાની વિવેકની વાત કરી છે. સત્સંગિજીવનમાં શતાનંદસ્વામીએ લખ્યું છે કે (૩-૨૫-૬૩) પુરુષ યા સ્ત્રી માટે મહારાજે ઉપદેશેલ સ્પર્શ અસ્પર્શનો વિવેક શ્રધ્ધાપૂર્વક વાંચે સાંભળે અને અનુસરે આચરે તો મનુષ્ય સંસારમાં ઉચ્ચ પ્રકારના પદને પામે છે. સુખ સમૃધ્ધિને પામે છે. અને દેહત્યાગ કરીને પણ અક્ષરધામને પામે છે.

ઘણાંજ લોકો તર્ક કરે છે કે સ્પર્શ અસ્પર્શનો વિવેક ખોટો છે સ્વામિનારાયણ સંપ્રદાયનું તુત છે તે એક નિર્બળતાની નિશાની છે પણ એ માન્યતા બિલકુલ બરાબર નથી. ખોટી છે. પણ સ્પર્શ અસ્પર્શનો વિવેક સબળોનું શસ્ત્ર છે કેટલાંક કહે છે કે સ્ત્રી પુરુષને એકબીજા પ્રત્યે આદરભાવ ઘટે છે એ માન્યતા પણ ખોટી છે કારણ કે સંયમથી વર્તવામાં જે આદરભાવ વધે છે તે બીજી કોઈ વાતથી વધતો નથી. મહારાજે મુમુક્ષુઓ અને સંપ્રદાયના આશ્રિતને જ નહીં સારાય વૈષ્ણવજનના હિત માટે સખત સ્પર્શ અસ્પર્શ વિષે ચેતવણી આપતા કહ્યું છે કે ઈન્દ્રિયો અને મનનાં આહાર એમાં પણ ત્ત્વચા જે ઈન્દ્રિયોના આહારમાં સ્પર્શ અસ્પર્શનો સમાવેશ થાય છે અને તે શુધ્ધ નહીં રાખે તેને મારું ધામ નહીં પણ ધક્કા મળશે. અને એમ પણ સ્પષ્ટ કહ્યું કે જ્યાં દૃઢ નિષ્કામવ્રતના પાળવાવાળા હોય ત્યાંજ અમો રહીએ છીએ. સ્પર્શ અસ્પર્શના વિવેક માત્ર ભૌતિક જણાય છે પણ ખરેખર એ માણસની આધ્યાત્મિક વિકાસયાત્રા સાથે સંકળાયેલ છે આમ શ્રીહરિએ સ્ત્રીપુરુષની મર્યાદા સ્થાપી સંયમ શુધ્ધિ ભક્તિમાર્ગ પ્રવર્તાવ્યો છે.

## આયુર્વેદિક સરળ ઉપચાર

દવે મહેન્દ્રભાઈ ભગવાનલાલ, માંડવી - કચ્છ

# આરોગ્ય અને આહાર

**દૂધ ખોરાક તરીકે :-**

ખોરાકના બધા પાદર્થોમાં દૂધનું સ્થાન મોખરે છે. દૂધમાં પ્રોટીન, ક્ષાર, ચરબી, વિટામીન 'એ' ઉપરાંત થોડી મીઠાશ તરીકે સાકાર પણ હોય છે. આથી શરીરના પોષણ સાથે હૃદયની શક્તિ વધે છે. દૂધમાં એટલી બધી મીઠાશ હોય છે કે તેમાં ખાંડ નાખવાની જરૂર જ નથી. ઉકાળેલું દૂધ હંમેશા સૂંઠ તથા હળદર નાંખીને જ પીવું શરીર માટે ઉપયોગી છે. દૂધને ઉકાળીને બનાવેલા પદાર્થોમાં તત્ત્વો બળી જાય છે. આથી માવો, બાસુંદી, કન્ડેન્સન મિલ્ક, દૂધનો પાવડર, ચોકલેટ આવી દૂધની મિઠાઈઓમાં ખાંડ તો હોય જ છે. અને ખરા દૂધનો ગુણ નાશ પામે છે. અને દૂધને ઉકાળવાથી ક્ષાર ઓછો થવાથી અને ચરબી પચાવામાં ભારે થાય છે. આવા ભારે પદાર્થો જો સતત ખાવામાં આવે તો શરીરમાં મેદ, બી.પી., હૃદયરોગ, કોલેસ્ટ્રોલ થવાની શક્યતા વધે છે. માટે પ્રસંગોપાત ઉપયોગ કરી શકાય.

ગાયના દૂધ પછી બીજા નંબરે બકરીનું દૂધ આવે છે. એમાં વિટામીન 'એ' ગાયના દૂધ જેટલું જ હોય છે પણ 'બી.', 'સી.' અને 'ડી.' ઓછા હોય છે. બકરીનું દૂધ ગાયના દૂધ કરતાં પચાવવામાં હલકું હોય છે. હંમેશા નિયમિત બકરીનું દીધ પીવાથી ચામડી મુલાયમ રહે છે. નાના બાળકો માટે બકરીના દૂધનો વધારે ઉપયોગ થતો હોય છે.

**પાણીનો દવા તરીકે ઉપયોગ :-**

પાણીમાં ઘણી જાતનાં ઓષધીય ગુણ હોવાથી એક સારી દવા ગણી શકાય છે. ગરમ પાણીથી માંદા માણસને પોષણ મળે છે. એકથી પાંચ વર્ષના બાળકને સવારમાં નવસેકું પાણી જરૂર પ્રમાણે અવશ્ય આપવું. છ થી ચૌદ વર્ષના બાળકને અડધા ગ્લાસથી એક ગ્લાસ ગરમ પાણી, ૧૫ થી ૬૦ વર્ષની ઉમર સુધીનાએ ૨ થી ૩ ગ્લાસ ગરમ પામી પીવું. ૬૦ થી ઉપરનાએ એકથી દોઢ ગ્લાસ ગરમ પાણી પી શકે. આ પ્રમાણે વહેલા ૪ થી ૫ વાગ્યા સુધીમા જાગી સ્નાન બાદ નિત્યક્રમ પતાવી પાણી પીવાનો પ્રયોગ ચાલું રાખવો. આ ઉપરાંત આખાય દિવસ દરમ્યાન તમારી ઉંમર અને તાસીર પ્રમાણે વહેલી સવારના પાણી ઉપરાંત દિવસ દરમ્યાન ૩ થી ૭ ગ્લાસ પાણી પીવું આમાં ફ્રીજનું ઠંડુ પાણી ક્યારેય ન પીવું. દિવસ દરમ્યાન પાણી ઉકાળીને ઠાર્યા પછી ગાળીને માટલામાં ભરી લેવું. જે પાણી પીવામાં હંમેશા ઉત્તમ ગણાયું છે.

જો માફક આવે અને સાંધાનાં દુઃખાવા કે અન્ય દુઃખાવા ન હોય તો સવારના પીવાના ગરમ પાણીમાં માફસર લીંબુ નીચવી શકાય અને ગોળ હળદર, અજમો, સૂંઢ પ્રમાણસર નાંખી શકાય. આ એક આરોગ્ય વર્ધક પીણું થયું. દુઃખાવાની તકલીફોવાળા એ લીંબુનો ઉપયોગ ન કરવો. આ પ્રમાણે જો દરરોજ મહાવરો રખાય તો માંદા પડવાનો સમય ભાગ્યે જ આવે. હંમેશા જમ્યાબાદ તરત પાણી ક્યારેય ન પીવું. છાશ પી શકાય. પાણી દોઢ કલાક પછી જ પીવું.

નોંધ - સો વાતની એક વાત શરીરની તંદુરસ્તી જાળવવા જે સખત કે હળવો કસરત કરતા નથી તેવો દરરોજ સવારે અથવા સાંજે ૩૦ થી ૬૦ મિનીટ ચાલવું જરૂરી છે અથવા અન્ય એરોબિક કસરત.

(વધુ આવતાં અંકે)

# ''સમય'' નો સદુપયોગ

લેખક : રમણ ગજ્જર, ભુજ

સાઠ સેકંડની એક મિનિટ, સાઠ મિનિટનો એક કલાક, ચોવીસ કલાકનો એક દિવસ, ત્રીસ દિવસનો એક મહિનો અને બાર માસનું એક વર્ષ. આમ માણસનું જીવન સમય સાથે અતૂટ નાતો ધરાવે છે. ભગવાને માણસને જેટલી આવરદા આપી હોય તેટલાં વર્ષ માણસ જીવે છે. પણ એમ કહેવાયું છે કે, કોઇ પણ માણસ કેટલાં વર્ષ જીવ્યો ? તે મહત્વનું નથી. પણ તે કેવું જીવ્યો ? તે જ મહત્વનું છે. છે ને વિચાર કરવા જેવી વાત.

સેકંડથી પણ નાનું માપ જોવા જઇએ તો માનવી એક દિવસમાં બે લાખ સોળ હજાર વિપળનો ઉપયોગ કરે છે. હવે પ્રશ્ન એ થાય છે કે, તમે આ વિપળ, સેકંડ, મિનિટ, કલાક, દિવસ અને માસ તથા વર્ષ કેવી રીતે પસાર કરો છો તે મહત્વનું છે.

માણસ સવારે ઊઠે, બ્રશ કરે, સંડાસ જાય, દાઢી કરે, સ્નાન કરે, પૂજાપાઠ કરે, નાસ્તો કરે, નોકરી-ધંધો કરે, બાળકો હોય તો શાળા કોલેજમાં જાય અને ગૃહિણિ હોય તો ગૃહકાર્ય કરે. અને દિવસ કયાં પૂરો કરે તે ખબર પડે જ નહિં. આમ મહિનાઓ અને વર્ષો પણ પૂરા થઇ જાય અને જિંદગી પૂરી થઇ જાય અને ખબર પણ પડે નહિ અને કરવા જેવાં કાર્યો કરવાનાં રહી જાય, પછી પસ્તાવો કરે તો તેનો કોઇ અર્થ નહિ.

યોગ વશિષ્ઠ ઋષિએ કહ્યું છે કે, ''યોગ્ય સમય પર કરેલું નાનું કામ પણ બહુ ઉપકારી હોય છેજ્યારે સમય વહી જાય પછી કરેલું મહાન કાર્ય પણ વ્યર્થ હોય છે.''

માટે સમયે સમયે કરવાનાં કાર્યો તે તે સમયે પૂરાં કરી લેવાં જોઇએ. હવે એ પ્રશ્ન થાય કે સમયે સમયે કયાં કામ કરી લેવાં ? તો એનો જવાબ શ્રીજીમહારાજે આપણને સમજાવ્યો છે...''શિક્ષાપત્રી'' ગ્રંથમાં અને ''વચનામૃત'' ગ્રંથમાં.

દિવસ દરમ્યિાન જેટલાં ધર્મ-અધ્યાત્મ સંબંધી કાર્યો કર્યાં તે જ સાચાં અને અંતે અક્ષરધામમાં તે કર્યાં હશે તો જ જવાશે. સાથે તે પુણ્ય જ આવવાનું છે.

સમય કોઇના હાથમાં નથી. આપણે બધાં સમયના હાથમાં છીએ. જો આપણે સમયને બરબાદ કરીશું તો સમય પણ આપણને બરબાદ કરી નાખશે. સમયનો જો સદુપયોગ કરવો હશે તો તે માટે રહયા આ કામ. શ્રી હરિનું ધ્યાન, પૂજાપાઠ, મંત્રજાપ, દેવદર્શન, કથાવાર્તા, પ્રદક્ષિણા, દંડવત્ પ્રણામ, તન, મન, ધન અને ધગશથી કરેલી સત્સંગની સેવા, ઉત્સવ સમૈયામાં હાજરી. આ સિવાયનાં કાર્યો જો કર્યાં હશે તો તે બધાં જ અહીં જ રહી જવાના છે. ચોર્યાસી લાખ યોનિમાં ભટકતી વખતે બાકીનાં કામ તો કર્યાં જ છે.

માત્ર ભગવાન ભજવાનું કાર્ય માનવ જન્મમાં જ કરી શકાય છે. તો પછી હવે આજ દિ લગીજેમ સમય ગયો તેમ, તેનો પસ્તાવો કરવાના બદલે, હવે જે શેષ સમય છે તેને વ્યર્થ ગુમાવવાના બદલે ધર્મ-અધ્યાત્મ સંબંધી કાર્યો કરીને સંત,ગુરૂ, આચાર્ય મહારાજ અને ભગવાનનો બેઠો રાજીપો મેળવી લઇએ.

તત્વચિંતક ટેનિસને કહયું છે કે, ''ઘડિયાળના કાંટાને તમે અટકાવી શકો નહિ પરંતુ, હા તમે પદ્ધતિસરના આયોજનથી સમયનો મહત્તમ ઉપયોગ કરી શકો, સમયનો જે મહત્તમ ઉપયોગ કરી જાણે છે તે જ સફળ છે, તે જ સુખી છે.''

ચાલો ત્યારે ધર્મકાર્યો કરવા માટેનું આયોજન કરીએ.

# સંસ્થા સમાચાર

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરે સ.ગુ. મહંત સ્વામી પ.પૂ. ધર્મનંદનદાસજીની પ્રેરણા તથા સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ વડીલ સંતોના માર્ગદર્શન અનુસાર કથા પારાયણ આદિ વિવિધ ઉત્સવો તથા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું.

## શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણ સમસ્ત મહિલા મંડળ, મલાડ-મુંબઈ

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરના પ્રાતઃસ્મરણીય સ.ગુ. મહંત સ્વામી ધર્મનંદનદાસજીની પ્રેરણાથી શ્રી સમસ્ત મહિલા મંડળ - મલાડ અને હરિભક્તોએ સાથે મળીને શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણનું તા. ૨૮-૧૧-૧૩ થી તા. ૪-૧૨-૧૩ સુધીનું આયોજન ભુજ મંદિર મધ્યે થયેલ હતું.

કથાના વક્તા પુરાણી સ્વામી પરમહંસદાસજી અને શાસ્ત્રી સ્વામી કૃષ્ણવલ્લભદાસજીએ વ્યાસાસને બિરાજી કથા સરિતાને સુમધુર સંગીત સથવારે પ્રવાહિત કરી ભગવત ભક્તોને કથામૃતનું રસપાન કરાવેલ.

પ્રથમ દિવસે પોથી યાત્રામાં મુંબઈથી આવેલ યજમાન તથા અન્ય ભાઈ-બહેનોએ પોથી તેમજ ભગવાન માટેના વાઘાઓ સુંદર સજાવેલ છાબમાં લઈને શોભાયાત્રામાં જોડાયેલ. બહેનોએ રાસની રમઝટ સાથે બંધાયેલ સભા મંડપમાં લઈ આવેલ. આ શોભા યાત્રામાં સંતો તથા ભુજના હરિભક્તો પણ સાથે જોડાયેલ.

સભા સંચાલન સ્વામી ઉત્તમચરણદાસજીએ કર્યું. સંહિતાપાઠી પુરાણી સ્વામી સુવ્રતમુનિદાસજી હતા. જ્યારે સંગીતકાર પુ. સ્વામી અક્ષરમુક્તદાસજી, તબલાવાદક સ્વામી નિલકંઠસ્વરૂપદાસજીએ કથાને સંગીતમય બનાવી હતી.

કથા પારાયણના દિવસોમાં મહંત સ્વામી તેમજ અન્ય વડીલ સંતોએ શ્રી સમસ્ત મહિલા મંડળ - મલાડની સેવાઓ બિરદાવી હતી અને પ્રસન્ન ચિત્તે આશીર્વાદ પાઠવ્યા હતા.

કથા દરમ્યાન ઉત્સવો ઘનશ્યામ જન્મોત્સવ, ગાદીપટ્ટાભિષેક, અન્નકૂટ ઉત્સવ વિગેરે ધામધૂમથી ઉજવવામાં આવેલ.

તા. ૪-૧૨-૨૦૧૩ના કથા પૂર્ણાહુતિ પ્રસંગે સ.ગુ. મહંત સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ સ્વામી પ્રેમપ્રકાશદાસજી, પાર્ષદ જાદવજી ભગત આદિ સંતોએ યજમાનશ્રીઓને આશીર્વાદ આપેલ તથા મહંત સ્વામી ના હસ્તે યજમાન પરિવારના ભાઈઓને પહેરામણી ભેટ આપવામાં આવેલ. તેમજ બહેનોને સાં.યો. બહેનોને હસ્તે પહેરામણી આપવામાં આવી હતી. આવેલા સૌ ભક્તો શ્રી નરનારાયણદેવના ખોડામાં બેસવા મળેલ તે બદલ ખૂબ પ્રભાવિત થઈ કાર્ય પૂર્ણ કરેલ.

અહેવાલ :- પ્રાણલાલભાઈ ગોર

## ધનુર્માસ નિમિત્તે ધૂન

ઈષ્ટદેવ સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણની અસીમ કૃપાથી તથા ભુજ મંદિરના પ.પૂ. સ.ગુ. મહંત સ્વામીશ્રી ધર્મનંદનદાસજીના આશીર્વાદથી દરરોજ વહેલી સવારે 'સ્વામિનારાયણ' મહામંત્રની ધૂન ધનુર્માસ નિમિત્તે શ્રી નરનારાયણદેવના સાંનિધ્યમાં મહંત સ્વામી આદિ બ્રહ્મનિષ્ઠ વડીલ સંતો અને યજમાનશ્રીઓ તથા ભુજ તથા આસપાસના ગામડામાંથી આવતા હરિભક્તો સંગીતના નાદ સાથે શ્રી સ્વામિનારાયણની ધૂનનો લાભ લે છે. ભાઈઓ તથા બહેનોની સંખ્યા દિવસે દિવસે વધતી જાય છે. ધૂન બાદ સંતોના આશીર્વાદ તથા યજમાનશ્રીઓને મહંત સ્વામીને હસ્તે ભેટ તથા હારથી આશીર્વાદ આપવામાં આવે છે. દરરોજ સવારે ધૂન બાદ પ્રસાદ વહેંચવામાં આવે છે.

## ભુજ મધ્યે શેરડી ઉત્સવ ઉજવાયો

અહેવાલ :- રાજેશ ગોર - ભુજ



તા. ૦૮-૧૨-૨૦૧૩ના રવિવારના રોજ શયન આરતી બાદ કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક-યુવતી મંડળ ભુજની રવિસભા પૂર્ણ થયા બાદ મંદિરનાં પટાંગણમાં શેરડી ઉત્સવ ઉજવાયો હતો. આ ઉત્સવમાં સદ્‌ગુરુ સ્વામી હરિબળદાસજી, સદ્‌ગુરુ સ્વામી સ્વયંપ્રકાશદાસજી, પાર્ષદ જાદવજી ભગત આદિ સંતોની હાજરીમાં મંદિરનાં પટાંગણમાં પુરુષ હરિભક્તોમાં સંતોના વરદ્ હસ્તે તથા કર્મયોગી બહેનોમાં સાંખ્યયોગી બહેનોનાં વરદ્ હસ્તે શેરડીનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેનો અમૂલ્ય લ્હાવો સૌએ લીધો હતો. સૌ ભક્તોએ શેરડીનું મધુર રસપાન કર્યું હતું. આ શેરડી ઉત્સવનું યજમાન પદ હિતેશ બાબુલાલ ઠક્કર, ધ.પ. ધરતીબેન પરિવારે શોભાવ્યું હતું. કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક-યુવતી મંડળના યુવા ભક્તોએ વ્યવસ્થા સંભાડી હતી.

## શ્રી નરનારાયણદેવને રસોડું અર્પણ કરનારા દાતાશ્રીઓ

- પ.ભ લાલજીભાઈ કેશરાભાઈ હીરાણી - મદનપુર
- પ.ભ મલાડ મુંબઈ મહિલા મંડળ તરફથી
- પ.ભ અ.નિ. રવજીભાઈ દેવજી ભુડીયા, અ.નિ. વાલબાઈ રવજી હસ્તે સુપુત્રીઓ
- પ.ભ લાલજી રામજીભાઈ કેરાઈ - રામપર
- પ.ભ પુરબાઈ મેઘજી વરસાણી - સામત્રા
- પ.ભ દેવબાઈ લાલજી વરસાણી - સામત્રા
- પ.ભ અ.નિ. દેવશીભાઈ ભીમજી કેરાઈ ગં.સ્વ. વીરબાઈ દેવશી કેરાઈ, ભીમજી રામજી કેરાઈ - રામપર વેકરા
- પ.ભ અ.નિ. કુંવરજીભાઈ ભીમજી પુંજાણી હ.અરવિંદ, મનોજ, હરીશ - ભક્તિનગર
- પ.ભ અ.નિ. વેલજીભાઈ માવજી ભુડીયા અ.નિ. મૂરજી વેલજી ભુડીયા અ.નિ. ધનજી વેલજી ભુડીયા ગં.સ્વ. પ્રેમબાઈ તથા હીરજીભાઈ - માધાપર
- પ.ભ રંજનબેન માનકુવા - હાલે લંડન
- પ.ભ પુષ્પાબેન માવજી ભુડીયા - માનકુવા (લંડન)
- પ.ભ મૂરજીભાઈ નાનજી હિરાણી - ભક્તિનગર (મોમ્બાસા)
- પ.ભ નારણભાઈ માવજી ભુવા હ. લાલજી નારાણ ભુવા અને લાલજી નારણ ભુવા - મદનપુર
- પ.ભ અ.નિ. લાલજીભાઈ રામજી પિંડોરીયા હ. સુપુત્ર અરવિંદભાઈ - મીરજાપર
- પ.ભ અ.નિ. નારણભાઈ કરસન હિરાણી ગં.સ્વ. વાલબાઈ નારણ કરસન - માનકુવા
- પ.ભ હીરજીભાઈ મેઘજી હિરાણી - સુખપર

# માગશર સુદ-૧૧ એકાદશીના દિવસે દેવોના શિખર પરની ધ્વજાના યજમાનશ્રીઓ

- પ.ભ. નિશાબેન માવજી રાબડીયા - માંડવી
- પ.ભ. મનજીભાઈ વેલજી કરસન વેકરીયા તથા સામબાઈ માવજી રાબડીયા - માંડવી
- પ.ભ. દેવજીભાઈ કરસન વરસાણી-પૂજારી (માધાપર)
- પ.ભ. રામજીભાઈ ધનજી કેરાઈ - સુખપર
- પ.ભ. વનિતાબેન કાંતિલાલ અને કાંતિલાલ પરબત વરસાણી - માધાપર
- પ.ભ. અ.નિ. મૂરજીભાઈ, અ.નિ. ધનજીભાઈ, અ.નિ. વેલજી માવજી ભુડીયા હ. ગં.સ્વ. પ્રેમબાઈ, હિરજીભાઈ, દેવશીભાઈ કરસન હિરાણી - માધાપર
- પ.ભ. દેવજીભાઈ નારણ છભાડીયા - માંડવી
- પ.ભ. માધવજીભાઈ મૂરજી હરજી કેરાઈ - મીરજાપર
- પ.ભ. પ્રવીણભાઈ કુંવરજી રાબડીયા - સરલી
- પ.ભ. કાર્તિકભાઈ નારણભાઈ પટેલ - વલસાડ
- પ.ભ. હેન્સીબેન યોગેશભાઈ દાવડા - ભુજ
- પ.ભ. પરબતભાઈ નાથા ભુડીયા - મદનપુર હ. ધનજી હરજી ભુવા
- પ.ભ. શીલાબેન કાનજી તથા કાનજીભાઈ દેવશી વેકરીયા, પુત્રી માયાબેન - ઓસ્ટ્રેલિયા
- પ.ભ. મંગુબેન ગોવિંદ રાબડીયા - સુખપર
- પ.ભ. શિવભાઈ જયંતિલાલ કેરાઈ - સામત્રા
- પ.ભ. મઘીબાઈ હરજી હિરાણી - મદનપુર
- પ.ભ. ધનજીભાઈ ગોવિંદ વેકરીયા - બળદિયા હાલે શિશલ હ. લખમણ રામજી વેકરીયા
- પ.ભ. દેવશીભાઈ લાલજી વરસાણી - સામત્રા હાલે નૈરોબી
- પ.ભ. રતનબેન કાનજી માધાપરીયા - માધાપર
- પ.ભ. અમરબાઈ પ્રેમજી ગોરસીયા - સુખપર
- પ.ભ. જાદવજીભાઈ માવજી વેકરીયા - દહીંસરા
- પ.ભ. હરજીભાઈ હિરજી વરસાણી - ભારાસર
- પ.ભ. અરવિંદભાઈ શીવજી વેકરીયા - માધાપર
- પ.ભ. અશોકભાઈ એમ. ઠક્કર
- પ.ભ. વિનોદભાઈ લક્ષ્મણ હિરાણી - બળદિયા
- પ.ભ. દિનેશભાઈ જાદવજી વરસાણી - સામત્રા
- પ.ભ. અ.નિ. વેલજીભાઈ માવજી ભુડીયા - માધાપર હ. ગં.સ્વ. પ્રેમબાઈ વેલજી ભુડીયા
- પ.ભ. અ.નિ. હિરાલાલ મૂરજી વાગજીયાણી ધ.પ. રાધાબાઈ હ. કુંવરબાઈ હિરાલાલ, પ્રવીણભાઈ હિરાલાલ - માધાપર
- પ.ભ. ગોવિંદભાઈ વિશ્રામ શિયાણી
- પ.ભ. સાં.યો. શાંતાબાઈ - મીરજાપર
- પ.ભ. લાલજીભાઈ વેલજી ભુડીયા - સુખપર
- પ.ભ. મંજુબેન ખીમજી હિરાણી - સુખપર રોહા
- પ.ભ. અસીલ કિરણ હિરાણી - સુખપર રોહા
- પ.ભ. દેવબાઈ લાલજી વેકરીયા - સુખપર હ. ગોવિંદ રામજી
- પ.ભ. પ્રેમબાઈ નાથા ખેતાણી - મદનપુર
- પ.ભ. મૂરજીભાઈ નાનજી હિરાણી ધ.પ. અમૃતબેન મૂરજી - ભક્તિનગર હાલે મોમ્બાસા
- પ.ભ. વિશ્રામભાઈ મૂરજી હિરાણી ધ.પ. ગીતાબેન વિશ્રામ - ભક્તિનગર હાલે મોમ્બાસા
- પ.ભ. શીવજીભાઈ પ્રેમજી હાલાઈ - સુખપર
- પ.ભ. ગોવિંદભાઈ રામજીભાઈ ભુડીયા - માધાપર
- પ.ભ. અ.નિ. દેવશીભાઈ ભીમજી કેરાઈ - રામપર વેકરા હ. ધ.પ. ગં.સ્વ. વીરબાઈ ભીમજી રામજી કેરાઈ
- પ.ભ. રવજીભાઈ કેશવજી વેકરીયા - માંડવી
- પ.ભ. મનજીભાઈ કરસન મેઘાણી - બળદીયા
- પ.ભ. વીરબાઈ સામજી ગોંડલીયા - મીરજાપર
- પ.ભ. નનીતાબેન ગોવિંદ કેરાઈ - મીરજાપર
- પ.ભ. સાં.યો. દેવબાઈ મૂરજી ખેતાણી - કેરા
- પ.ભ. વનિતાબેન કાંતિલાલભાઈ હ. કાંતિલાલભાઈ પરબત વરસાણી - માધાપર
- પ.ભ. ધનજીભાઈ ગોવિંદ વેકરીયા - બળદિયા હાલ શિશલ હ. લખમણ રામજી વેકરીયા
- પ.ભ. વનિતાબેન કાંતિલાલભાઈ હ. કાંતિલાલભાઈ પરબત વરસાણી - માધાપર
- પ.ભ. વનિતાબેન કાંતિલાલભાઈ હ. કાંતિલાલભાઈ પરબત વરસાણી - માધાપર

## ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિર આયોજીત સર્વે પિતૃઓના મોક્ષાર્થે સમૂહ ૧૦૮ શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ એવમ્ નારાયણ યજ્ઞ મહોત્સવ

**સં. ૨૦૭૦, ચૈત્ર સુદ-૪, ગુરુવાર, તા. ૩-૪-૨૦૧૪ થી ચૈત્ર સુદ-૧૦, બુધવાર, તા. ૯-૪-૨૦૧૪**

**નારાયણ યજ્ઞ સં. ૨૦૭૦ ચૈત્ર સુદ-૧૦ ગુરુવાર તા. ૧૦-૪-૨૦૧૪**

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન શ્રી નરનારાયણદેવ, શ્રી હરિકૃષ્ણ મહારાજ, શ્રી રાધાકૃષ્ણદેવ, શ્રી ઘનશ્યામ મહારાજની પરમ કૃપા તથા મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી આદિ બ્રહ્મનિષ્ઠ સંતોની પ્રેરણાથી આગામી તા. ૩-૪-૨૦૧૪ થી તા. ૯-૪-૨૦૧૪ સુધી સમૂહ ૧૦૮ શ્રી મદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ સાથે નારાયણ યજ્ઞનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જે કોઈ સત્સંગી-હરિભક્ત, ધર્મપ્રેમીઓ પોતાના પિતૃઓના મોક્ષાર્થે, પ્રિય સ્વજનોની ચિર:શાંતિ માટે, પોતાના જીવના કલ્યાણાર્થે પોથી રાખવા ઈચ્છતા ભક્તોએ ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરના કોઠારમાં નામ નોંધાવી જવા વિનંતી. સંપર્ક-૦૨૮૩૨ ૨૫૦૨૩૧, ૩૩૧

- **એક પોથીના રૂા. ૨૧,૦૦૦ /- રાખેલ છે.**
- **પોથી યજમાનનું નામ કંકોત્રીમાં છાપવામાં આવશે. પત્રિકામાં ૧ પોથી પાછળ ૨ વ્યક્તિના નામ તથા હસ્તે ૧ વ્યક્તિનું નામ છપાશે.**
- **સંહીતા પાઠમાં વ્યક્તિગત એક પોથી ઉપર એક બ્રાહ્મણ નહી હોય તેમાં ૨૧પ્રખર વિદ્વાન બ્રાહ્મણ દ્વારા સંહીતા પાઠ વાંચવામાં આવશે.**

અહેવાલ :- કોઠારી સ્વામી

## શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય - સુવર્ણજયંતી મહોત્સવ

આપણા ભુજ મંદિર દ્વારા સર્વજનહિતાય અનેક સત્કાર્યો કરવાની પરંપરા આજપર્યંત ચાલુ છે. આજથી પચાસ વર્ષ પહેલાં શ્રી સ્વામિનારાયણ વિદ્યલયની સ્થાપના કરીને માત્ર ભુજના જ નહીં પરંતુ સમગ્ર કચ્છના વિદ્યાર્થીઓને સુસંસ્કારો સાથેનું શિક્ષણ પૂરું પાડીને તેમનાં જીવનમાં બહુમૂલ્ય યોગદાન પ્રદાન કર્યું છે. આ વિદ્યાલયના હજારો ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ આજે પોત પોતાનાં ક્ષેત્રમાં પ્રગતિ સાધીને સમાજમાં સન્માનનીય વ્યક્તિ તરીકે જીવન વ્યતીત કરે છે અને વિશેષ આનંદની વાત તો એ છે કે પોતાનાં વિકાસમાં આ વિદ્યાલયમાં મેળવેલ શિક્ષણનો સિંહફાળો છે એ વાત ભૂલ્યા નથી અને માતૃસંસ્થાનું ઋણ ચૂકવવા સદા તત્પર રહે છે. શ્રી સ્વામિનારાયણ વિદ્યાલયની સ્થાપનાને પચાસ વર્ષ પૂર્ણ થતાં તેનો 'સુવર્ણજયંતી મહોત્સવ' ભવ્યાતિભવ્ય રીતે ઉજવવાનું આયોજન કરવામાં આવેલ છે. આનંદના આ અવસરે આ વિદ્યાલયમાં અભ્યાસ કરી ગયેલા દેશમાં રહેતા તથા વિદેશમાં વસતા તમામ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ આ મહોત્સવમાં સહભાગી થાય એવી ઈચ્છા છે. તો તમામ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને અનુરોધ છે કે પોતાનું નામ, શૈક્ષણિક યોગ્યતા, ગામનું નામ, વિદ્યાલયમાં અભ્યાસ કર્યાના વર્ષ, હાલનો વ્યવસાય, પોસ્ટલ એડ્રેસ અને ઈ-મેઈલ એડ્રેસ અવશ્ય નીચેના સરનામે મોકલી આપે જેથી આપને ઉત્સવની આમંત્રણ પત્રિકા મોકલવામાં સાનુકૂળતા રહે.

**સરનામું :-** ૧) શ્રી પ્રિન્સીપાલશ્રી, શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય, સંસ્કારનગર, ભુજ-કચ્છ
ફોન નં. (૦૨૮૩૨)૨૨૦૭૬૪, E-mail ID: ssvscience2008@gmail.com
૨) શ્રી સંચાલક સ્વામીશ્રી, શ્રી સ્વામિનારાયણ વિદ્યાર્થી ભવન, સસ્કારનગર, ભુજ-કચ્છ
ફોન નં. (૦૨૮૩૨)૨૨૦૩૩૨, E-mail : ssvbhuj@yahoo.com

સ.ગુ. મહંત સ્વામી ધર્મનંદનદાસજીના આશીર્વાદ સહ જય શ્રી સ્વામિનારાયણ.

# સત્સંગ સમાચાર

## દશાબ્દી શિબિર - ૨૦૧૩

કચ્છ સત્સંગના ઉજ્જવળ ભવિષ્યના નિર્માણાર્થે કચ્છ શ્રી નરનારાયણદેવનો 'દશાબ્દી શિબિર - ૨૦૧૩' ભુજ મધ્યે યોજાઈ ગયો. આ અદ્વિતીય શિબિર અંગેના શિબિરાર્થીઓના મંતવ્યો સ્થળ સંકોચના કારણે ગયા અંકમાં પ્રકાશિત કરી શકાયા નહોતા, જે અત્રે પ્રસ્તુત કરેલ છે.

યુવાનો તો ઘણા જોયા છે, મારું કાર્ય જ એવું છે કે સતત યુવકોની વચ્ચે રહેવાનું થાય. પરંતુ આ શિબિરમાં જે યુવકો જોયા, તેમનો પરિચય થયો તેની કંઈક ઓર જ અનુભૂતિ છે ! અલૌકિક પ્રેરણાદાયી પાવનકારી સંતોએ નવી વિચારસરણી જાગૃત કરી. શિબિરમાં આવતાં સમજાયું કે સાંખ્યવિચાર જ સુખી થવાનો માર્ગ દર્શાવે છે. મહારાજે જે આપ્યું છે તેનાથી સંતોષ માનવો અને સદૈવ સકારાત્મક વલણ અપનાવવું તો સૃષ્ટિની સુંદરતાનાં દર્શન થશે અને સદૈવ આનંદની અનુભૂતિ થશે.

- તુલસીભાઈ, પ્રાધ્યાપક, ઉણાદ (ઉ.ગુજરાત)

મહારાજે સુખીયા કર્યા છે પણ એ વાતનો વસવસો પણ છે કે અમે (વડીલો) ચાર-પાંચ દાયકા વહેલા જનમ્યા ! અમને આવા શિબિરોનો લાભ નથી મળ્યો ! સત્સંગની સમજ સાથે ભગવાન સાથે જોડાઈ રહેવા ભક્તિની દૃઢતા માટે અમને આવા શિબિરોનો લાભ મળ્યો હોત તો કદાચ અમારા જીવનનું દૃષ્ટિકોણ જ અલગ હોત ! યુવકોના કલ્યાણાર્થે પ્રખર પરિશ્રમ કરતા યુવા સંતો સમક્ષ મસ્તક આદર અને ભક્તિભાવથી ઝુકી જાય છે. આવા સંતોના પ્રણેતા વડીલ સંતો સહિત સૌ સંતોને કોટિ કોટિ વંદન !

- મૂરજીભાઈ શિયાણી, ભુજ

ભારતમાં તેમાંય છેવાડેના કચ્છ જિલ્લામાં આવું સુનિયોજીત આયોજન થાય, નાની નાની બાબતો પણ ધ્યાનમાં લઈને અદ્ભુત વ્યવસ્થા થાય, આટલી સુંદર ગોઠવણી થાય અને પરસ્પર આત્મીયતા સાથે આદરભાવની અનુભૂતિ થાય તે કલ્પનાતિત છે ! આવી ગોઠવણી જોઈને મનમાં પ્રસન્નતા વ્યાપી ગઈ છે. શિબિરમાં બે દિવસ મોડો પડ્યો તેનો અફસોસ જિંદગીભર રહેશે.

- ભાવેશભાઈ, ઓસ્ટ્રેલિયા

શિબિરના બીજા દિવસે અમારા સ્નેહમિલનમાં સૌને નાસ્તાની પ્લેટો આપવામાં આવી. અમારા કર્મનિષ્ઠ યુવા મંત્રી શ્રી વિનોદભાઈ શિયાણીની મનપસંદ વાનગીઓ નાસ્તાની પ્લેટમાં હતી. પરંતુ મારા આશ્ચર્ય વચ્ચે શ્રી વિનોદભાઈએ વંદન કરી સવિનય નાસ્તાનો અસ્વીકાર કરતાં જણાવ્યું કે શિબિરમાં સંતોની સમક્ષ બહારનું નહીં ખાવાનો સંકલ્પ કરેલ છે. હવેથી બહારનું સદંતર બંધ ! - કેવા યુવાનો અને કેવા તેમના દૃઢ સંકલ્પો ! આ બધી શિબિરની જ ફળશ્રુતિ છે.

- ભરતભાઈ મહેતા, ભુજ

સ્વામી, એકવાર અર્ધી રાતે આંખ ખુલ્લી ગઈ. આંખોમાંથી ઊંઘ જતી રહી. પરંતુ સાનંદાશ્ચર્ય જોયું કે એક શિબિરાર્થી યુવક દંડવત્ પ્રણામ સાથે યુવાનોને વંદન કરતા હતા ! કેવો આ યુવાનના હૃદયમાં

ભક્તિભાવ ! કેવી આ યુવાનની આસ્થા ! કેવી આ યુવાનની નિષ્ઠા ! કેવી આ યુવાનની સંસ્કાર સમૃધ્ધિ ! આવા યુવાનો સાથે શિબિરમાં રહેવાનો લાભ મળ્યો તેથી જીવન ધન્ય બની ગયું.

- જાદવજીભાઈ પાધરા

આજે આ શિબિરની પૂર્ણાહુતિ થઈ. સ્વામી, હવે આ બધા યુવાનો આવતી કાલે નહીં મળે ! કેવો અનેરો આનંદ હતો પાંચ દિવસ ! હવે બે-ત્રણ દિવસ મજા નહીં આવે. યુવાનોનો આવો સમુદાય જિંદગીમાં પહેલીવાર જોયો. પાંચ-પાંચ દિવસ સુધી સંતો સાથે રહીને શ્રી સ્વામિનારાયણ ભગવાનનું ભજન કરે છે. આવું જોઈને મને ખૂબ જ આનંદ થાય છે.

આ સ્વર અનેક યુવાનોનો હતો.

## મહિલા સત્સંગ સભા ભક્તિનગર

અ.નિ. મહંત સ્વામી હરિસ્વરૂપદાસજીની આજ્ઞાથી યુવક મંડળની સ્થાપનાને દસ વર્ષ પૂર્ણ થયા. ભક્તિનગર સ્વામિનારાયણ મંદિરમાં રવિસભા થાય છે. અમારા વંદનીય એવા સાંખ્યયોગી બાઈઓ બહુ જ મહેનત કરીને એમોને જ્ઞાન આપે છે. અમારા ગામના યુવતીમંડળ, મહિલામંડળ, વૃધ્ધમંડળ એમ ત્રણ અલગ-અલગ રીતે સમજાવે છે. એમ કુલ ૩૦૦ જેટલા બહેનો આ સતસંગ સભામાં આવે છે. અમોને આજે બહુજ આનંદ થાય છે કે આ મંડળની સ્થાપના ન થઈ હોત તો અમારામાં આટલું જ્ઞાન, સમજણ ન હોત.

અહેવાલ :- જોધાણી રમીલા દેવજી, ભક્તિનગર

## પંચાહ્ન પારાયણ જ્ઞાનયજ્ઞ ગામ માધાપર

ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનની પરમ કૃપા તથા વડીલ સંતોના તથા માવત્રીના આશીર્વાદથી ગામ માધાપર અ.નિ. રામજીભાઈ પુંજા ભુડીયા ધ.પ. અ.નિ. વીરબાઈની પુણ્યસ્મૃતિમાં તથા મોક્ષાર્થે એમના સુપુત્ર ગોવિંદભાઈ તથા જગદીશભાઈ સહપરિવાર તરફથી ગામ માધાપરના બંને મંદિરમાં તા.૭-૧૨-૨૦૧૩ના શનિવાર થી તા.૧૧-૧૨-૨૦૧૩ના બુધવાર સુધી પંચાહ્ન પારાયણ જ્ઞનયજ્ઞનું આયોજન ભુજ મંદિરના સંતોમાં સ્વામી ભગવદ્જીવનદાસજીના મંડળના સંતોના વરદ્ હસ્તે તથા ગામના મંદિરના સર્વે કાર્યકર્તાના તથા સર્વે સત્સંગી બાઈ ભાઈના સથવારે સારી રીતે પૂર્ણ કરવામાં આવેલ.

પંચાહ્ન પારાયણના વક્તાપદે સ્વામી નિર્ભયચરણદાસજી વિદ્યા અભ્યાસ કરતા હોવા છતાં શ્રીમદ્ ભાગવતનાં સુંદર આખ્યાનો તથા શ્રીકૃષ્ણ લીલા ચરિત્રોની કથાનું સુંદર અમૃતરસપાન કરાવી યજમાન પરિવાર તથા સર્વે ભક્તોને રાજી કર્યા હતા. આ કથા પ્રસંગે શાસ્ત્રી સ્વામી ગોવિંદપ્રસાદદાસજી તથા પુરાણી સ્વામી પરમહંસદાસજી તથા પુરાણી સ્વામી બદ્રીશ્વરદાસજી તથા અન્ય નાના સંતોના સાથ સહકારથી સારી રીતે પૂર્ણ થયેલ.

કથાના ત્રીજા દિવસે યજમાનશ્રીના ઘરે સંતોની પધરામણી કરી યજમાન પરિવારે લાભ લીધો હતો તથા રાત્રે યજમાન પરિવારના સંકલ્પને માન આપી સંતોની સલાહથી એક વિશેષ સત્સંગ સભાનું આયોજન રાખેલ. મંદિરના ફળીયામા પુરાણી સ્વામી પરમહંસદાસજીએ વચનામૃત ઉપર સદ્ ઉપદેશ આપી નાના મોટા,યુવાન, બાલવૃધ્ધ સર્વેને ખૂબ રાજી કર્યા હતા. કથાના ચોથા દિવસે યજમાન પરિવાર

તરફથી પંચાહ્ન પારાયણ નિમિત્તે બંને મંદિરમાં રાસોત્સવનું આયોજન સંતોની હાજરીમાં રાખેલ હતું.

કથા સમાપ્તિના દિવસે બહેનોના મંદિરમાંથી છાબનું સમૈયું વાજતે ગાજતે આવી ગયા બાદ કથાને વિરામ આપી પુરાણી સ્વામી પરમહંસદાસજીએ યજમાન પરિવારને ભુજ તથા ગામના ભક્તોને રૂડા આશીર્વાદ સાથે કથાના યજમાન પરિવારને ભુજ તથા માધાપર મંદિર તરફથી પહેરામણી આપી રાજી કર્યા હતા. ત્યારબાદ ઉત્તરપૂજન કરી પોથીનું તથા વક્તાશ્રીનું પૂજન કરી આરતી, કીર્તન, ધૂન સાથે પંચાહ્ન પારાયણ જ્ઞાનયજ્ઞની સમાપ્તિ કરવામાં આવેલ.

અહેવાલ :- મંત્રીશ્રી માધાપર મંદિર

## શ્રી સ્વામિનારાયણ ઉચ્ચતર માધ્યમિક વિદ્યાલય

વિજ્ઞાન પ્રવાહમાં ખૂબ જ ઓછા સમયગાળામાં કાઠું કાઢનાર શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય સાયન્સ પ્રવાહ ભુજે ઓક્ટોબર/નવેમ્બર-૨૦૧૩માં લેવાયેલી ધો.૧૨ ત્રીજા સમેસ્ટરની બોર્ડની પરીક્ષાઓના પરિણામમાં ફરીથી ઝળક્યું છે.

આ શાળા ૨૦૦૮ થી ૧૦૦% પરિણામ તો લાવે જ છે પરંતુ વ્યક્તિગત પરિણામની ટકાવારી પણ ખૂબ જ ઊંચી રહી છે. ૧૭ વિદ્યાર્થીઆએ ૯૦% થી ઉપર તથા ૨૩ વિદ્યાર્થીઓએ ૮૦% ટકાથી ઉપર માર્કસ મેળવેલ છે. જ્યારે વિષય પ્રમાણે જોઈએ તો ફિઝીક્સ ૦૧ વિદ્યાર્થીએ અને રસાયણમાં ૦૨ વિદ્યાર્થીઓએ ૧૦૦ માંથી ૧૦૦ માર્કસ મેળવેલ છે.

ખૂબ જ ઊંચા અને સુંદર પરિણામ લાવવા બદલ કેળવણી મંડળના પ્રમુખશ્રી ભરતભાઈ મહેતા, મંત્રીશ્રી વિનોદભાઈ શિયાણી અને પ્રિન્સીપાલશ્રી નિષદભાઈ મહેતાએ વિદ્યાર્થીઓ તથા શિક્ષકોને અભિનંદન આપ્યા હતા.

મંદિરના પ.પૂ. મહંત સ્વામીશ્રી ધર્મનંદનદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત તથા સંચાલક સ્વામી હરિવલ્લભદાસજીએ તમામને આશીર્વાદ પાઠવેલ અને પ્રસન્નતા વ્યક્ત કરેલ.

અહેવાલ :- આચાર્યશ્રી નિષદભાઈ મહેતા

## શ્રી સ્વામિનારાયણ ઉચ્ચતર માધ્યમિક વિદ્યાલય (સ્વનિર્ભર વિજ્ઞાન પ્રવાહ)

શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ અને શ્રી સ્વામિનારાયણ કેળવણી મંડળ સંચાલિત શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય સ્વનિર્ભર વિજ્ઞાન પ્રવાહ, ભુજ ધો. ૧૧ સાયન્સ(સેમે-૧) ની બોર્ડની પરીક્ષામાં ફરીથી અવ્વલ નંબરે આવી છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા સાયન્સ પ્રવાહમાં બે વર્ષમાં ૪ પરીક્ષાઓ સેમેસ્ટર પ્રમાણે લેવામાં આવે છે તે પૈકી ઓક્ટોબર-૨૦૧૩માં ધો.૧૧ સાયન્સ (સેમે-૧)ની પરીક્ષા બોર્ડ દ્વારા લેવામાં આવેલ જેમાં ભાનુશાલી ભાર્ગવ ઠાકરશીએ ૯૯.૬૭% મેળવીને ભુજ કેન્દ્રમાં પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ છે. આ વિદ્યાર્થીને ફિઝિક્સમાં ૧૦૦, કેમેસ્ટ્રીમાં ૯૯ તથા બાયોલોજીમાં ૧૦૦ મેળવીને કુલ ૩૦૦ માંથી ૨૯૯ માર્કસ મેળવેલ છે. જ્યારે જોષી હેત રાહુલભાઈએ ગણિત વિષયમાં ૧૦૦ માંથી ૧૦૦ માર્કસ મેળવીને શાળા તથા તેમના પરિવારનું ગૌરવ વધાર્યું છે.

શાળાનું સમગ્ર પરિણામ જોતાં કુલ ૫૬ વિદ્યાર્થીઓમાંથી ૦૬ વિદ્યાર્થીઓએ ૯૦% ઉપર માર્કસ અને ૦૯ વિદ્યાર્થીઓ સાથે કુલ ૧૫

વિદ્યાર્થીઓએ ૮૦% ઉપર માર્કસ મેળવેલ છે. આમ શાળાનું ૧૦૦% પરિણામ તો દર સેમેસ્ટર (૨૦૦૮થી) નું આવે છે તે તો જાળવી રાખેલ છે. પરંતુ વિદ્યાર્થીઓનું વ્યક્તિગત પરિણામ પણ ઊંચુ આવેલ છે.

સમગ્ર કચ્છમાં સાયન્સ પ્રવાહમાં અભ્યાસ કરવા માંગતાં વિદ્યાર્થીઓને ભુજની સ્વામિનારાયણ વિદ્યાલય સાયન્સ પ્રવાહમાં પ્રવેશ મેળવવાનું એક સપનું હોય છે જેવિદ્યાર્થીઓને આ શાળામાં પ્રવેશ મળે છે તે પોતાને ભાગ્યશાળી ગણે છે.

ખૂબ જ ઊંચા અને સુંદર પરિણામ લાવવા બદલ કેળવણી મંડળના પ્રમુખશ્રી ભરતભાઈ મહેતા, મંત્રીશ્રી વિનોદભાઈ શિયાણી અને પ્રિન્સીપાલશ્રી નિષદભાઈ મહેતાએ વિદ્યાર્થીઓ તથા શિક્ષકોને અભિનંદન આપ્યા હતા.

શ્રી નરનારાયણદેવ મંદિરના પ.પૂ. મહંત સ્વામીશ્રી ધર્મનંદનદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત તથા સંચાલક સ્વામી હરિવલ્લભદાસજીએ તમામને આશીર્વાદ પાઠવેલ અને પ્રસન્નતા વ્યક્ત કરેલ.

અહેવાલ :- આચાર્યશ્રી

## શ્રી સ્વામિનારાયણ મંદિર નરનારાયણ નગરનો ૯મો વાર્ષિક પાટોત્સવ

પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી મહંત સ્વામી અને વડીલ સંતોના આશીર્વાદથી તા. ૨-૧૧-૨૦૧૩ના રોજ નરનારાયણ નગરમાં ૯માં વાર્ષિક પાટોત્સવ પ્રસંગે જ્ઞાન યજ્ઞ પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું. તેના વક્તાપદે શાસ્ત્રી સ્વામી કૃષ્ણવલ્લભદાસજી અને સભા સંચાલક શાસ્ત્રી સ્વામી વિશ્વવલ્લભદાસજી રહ્યા હતા. વક્તાશ્રીએ હરિસ્મૃતિ ગ્રંથનું સચોટ જ્ઞાન ઉપદેશ આપ્યો હતો. અને પાંચે દિવસ અલગ અલગ ભુજ મંદિરના વિદ્વાન સંતોના અલગ અલગ મંતવ્યો રાખવામાં આવ્યા હતા. ૧. શાસ્ત્રી સ્વામી દેવચરણદાસજી, ૨.પુરાણી સ્વામી પરમહંસદાસજી, ૩. શાસ્ત્રી સ્વામી લક્ષ્મનપ્રકાશદાસજી, ૪. વડીલ વરિષ્ઠ સ્વામી પ્રેમપ્રકાશદાસજી, ૫. સ્વામી કૃષ્ણપ્રિયદાસજી. આ વિદ્વાન સંતોના આશીર્વાદથી હરિભક્તો રસ તરબોળ થયા હતા. સંગીતકાર સ્વામી શ્રીજીનંદનદાસજી અનો તાબલાવાદક કપીલમુનિદાસજી, મંડળધારી સંતો પૈકીના સ્વામી શાંતિપ્રિયદાસજી, સ્વામી લક્ષ્મીપ્રસાદ દાસજીએ ખૂબ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. તા. ૨૬-૧૧-૨૦૧૩ ના ઠાકોરજીનો અભિષેક તથા પાટોત્સવની આરતી કરવામાં આવી હતી. ઠાકોરજીના ૯મા પાટોત્સવ ના ઉપલક્ષમાં હરિભક્તો દ્વારા ગાયમાતાને માટે મોટા પ્રમાણમાં ઘાસચારા ની વ્યવસ્થા કરાઈ હતી. અને કચ્છશ્રી નરનારાયણદેવ યુવક મંડળ(નરનારાયણ નગર)ના યુવાનોએ કબૂતર માટે ચબુતરાનું બાંધકામ કરાવી સંતોના વરદ્ હસ્તે લોકાપર્ણ કર્યું હતુ.

અહેવાલ :- કચ્છશ્રી નરનારાયણદેવ યુવક મંડળ (નરનારાયણ નગર)

## વચનામૃત જયંતી

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરના મહંત સ.ગુ.પુ. સ્વામી ધર્મનંદનદાસજીની આજ્ઞાથી તથા સ.ગુ.પુ. સ્વામી કેશવપ્રસાદદાસજીના આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ વિશ્રાંતિ ભુવન વિલે પાર્લે મુંબઈ આયોજીત સર્વમંગલ પંચદશાબ્દી મહોત્સવ એવમ્ વસંતોત્સવના ઉપલક્ષ્યમાં તા. ૬-૧૨-૨૦૧૩

શુક્રવારના વચનામૃત જયંતીનો ઉત્સવ ધામધૂમથી ઉજવ્યો હતો.

આ પ્રસંગે ઠાકોરજી તથા વચનામૃતની પોથીયાત્રા વાજતે ગાજતે વાજીંત્રોના ધ્વની સાથે નીકળી મંદિરમાં પધાર્યા હતા. ત્યારબાદ વચનામૃતનું ૧૦૮ જનમંગલ નમાવલીથી પૂજન, પાઠ અને પ્રથમ પ્રકરણનું પહેલું જ વચનામૃત વાંચી, કથા કરી હતી.

ત્યારબાદ કચ્છશ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવાનો અને સૌ હરિભક્તો ખૂબ ધામધૂમથી રાસ રમ્યા હતા. ત્યારબાદ પાર્લા મંદિરના મહંત સ.ગુ.પુ. સ્વામી માધવપ્રસાદદાસજીએ યજમાન પરિવાર તથા સૌ હરિભક્તોને ખૂબ જ રૂડા આશીર્વાદ આપ્યાબાદ પ્રસાદ લઈ સૌ છૂટા પડ્યા હતા.

અહેવાલ :- પુ. સ્વામી પરબ્રહ્મજીવનદાસજી, પાર્લા-મુંબઈ

## ભૂમિ પૂજન - નડિયાદ

શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ સંચાલિત શ્રી સ્વામિનારાયણ સત્સંગ ભવન, નડિયાદનું ભૂમિપૂજન તા. ૧૪-૧૨-૧૩ શનિવાર માગશર સુદ-પૂનમના રોજ ભુજ મંદિરના વડીલ સંતો સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, સ.ગુ. સ્વામી શ્રીહરિદાસજી, સ.ગુ. સ્વામી ભક્તિવલ્લભદાસજી આદિ સંતોના વરદ્ હસ્તે તથા સત્સંગ ભવનની જમીનના દાતાશ્રીઓ દ્વારા કરવામાં આવ્યું હતું.

ભુજ મંદિરના મહંત સ્વામીની આજ્ઞા અને આશીર્વાદથી નડિયાદ મંજીપુરા વિસ્તારમાં આપણા કડવા પાટીદારના હરિભક્તો કચ્છ છોડી ધંધા વાસ્તે સ્થાઈ થયેલા છે તેમના માટે એક સત્સંગનું કેન્દ્ર સાથે દવાખાને આવનાર દર્દીઓ માટે રહેવાની સુવિધા સાથે વ્યવસ્થાની જરૂર ઊભી થતાં સ્થાનિક હરિભક્તોનો ભાવ જોઈ વિશાળ જગ્યામાં સત્સંગ ભવનનું નિર્માણ કરવાનું નિર્ધારેલ તેનું ભૂમિપૂજન ધામધૂમથી કરવામાં આવ્યું હતું. સાથે બોરવેલ કરવાનો હોઈ તેમનું પણ યજમાન પ.ભ. ગોપાલભાઈ ધનજીભાઈ સાંખલા સુપુત્ર વિશાલભાઈ આદિ પરિવાર લાભ લીધો હતો.

**:: ખાતમુહૂર્ત -નિમંત્રણ ::**

આ ભૂમિ ઉપર તા ૧૮-૧-૨૦૧૪ શનિવાર પોષ વદ-૨ના રોજ ખાતમુહૂર્ત કરવામાં આવશે. આ પ્રસંગે ત્રિદિવસીય આયોજન રાખેલ છે. તા. ૧૬,૧૭ અને ૧૮ જાન્યુઆરી, ૨૦૧૪ આ પ્રસંગે આપ સૌ સત્સંગીઓને પધારવા હાર્દિક નિમંત્રણ પાઠવીએ છીએ.

અહેવાલ :- ધરમશીભાઈ વાસાણી - નડિયાદ

## "શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય - સુવર્ણ જયંતી મહોત્સવ"

વિદ્યા દદાતિ વિનયં, વિનયાદ્યાતિ પાત્રતામ્।
પાત્રાત્યાદ્ ધનમાપ્નોતિ, ધનાત્ ધર્મ તતઃ સુખમ્॥

વિદ્યા મનુષ્યને વિનય આપે છે, અને વિનયથી પાત્રતા-યોગ્યતા આવે છે. અને પાત્રતાથી ધનની પ્રાપ્તિ થાય છે, ધનથી ધર્મ, અને ધર્મથી સુખની પ્રાપ્તિ થાય છે.

વિદ્યારૂપી દાન સમસ્ત દાનોમાં શ્રેષ્ઠ છે. શિક્ષાપત્રીમાં પણ વિદ્યાને પ્રાધાન્ય આપવામાં આવેલ છે. શ્રી સ્વામિનારાયણ ભગવાનની અસીમ કૃપાથી શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ સંચાલિત સ્વામિનારાયણ વિદ્યાલય તથા સ્વામિનારાયણ વિદ્યાર્થી ભુવન આ બન્ને અભિન્ન તથા બહુમૂલ્ય આભૂષણરૂપ સંકુલોની સ્થાપના કરવામાં આવી છે.

શ્રી સ્વામિનારાયણ વિદ્યાર્થી ભવનની સાત

દાયકા પહેલાં સ્થાપના કરવામાં આવેલ, જ્યારે શ્રી સ્વામિનારાયણ વિદ્યાલયની આજથી પાંચ દાયકા પહેલાં સ્થાપના કરવામાં આવેલ. આ બંને વિદ્યાધામોમાંથી હજારોની સંખ્યામાં વિદ્યાર્થીઓ વિધા, વિનય અને સંસ્કારોનું બહુમૂલ્ય ભાથું મેળવીને પોતાની ઉજ્જવળ કારકિર્દી થકી સમાજમાં પ્રતિષ્ઠા માન મેળવીને અહીં તેમજ દેશ-વિદેશમાં સ્થાયી થયા છે.

તત્કાલિન વડીલ સંતો, હરિભક્તો વિદ્યાલય અને વિદ્યાર્થીભુવન બનાવવાનો દઢ સંકલ્પ તથા તેમની દીર્ઘદષ્ટિ થકી સમાજને આ બંને સંસ્થાઓની ભેટ સાંપડી છે. સ્વામિનારાયણ સંપ્રદાયમાં વિદ્યાની પહેલ કરનાર સ.ગુ. મહંત સ્વામી શ્રીવલ્લભદાસજી, સદ્‌ગુરુ સ્વામી નીલકંઠદાસજી, સ.ગુ. સ્વામી કૃષ્ણજીવનદાસજી, શાસ્ત્રી સ્વામી ધર્મજીવનદાસજી, કોઠારી પાર્ષદ નારણ ભગત, મિસ્ત્રી જયરામભાઈ રામજી(કુંભારીયા),કોઠારી વેલજીભાઈ જાદવજી, કોઠારી વ્રજલાલભાઈ જીવણભાઈ મહેતા, મનહરરાય માવજી મહેતા, રાજગોર હરિરામભાઈ વાઘજી ભુજ આદિ ટ્રસ્ટીગણના નિર્ણય બાદ ૧૪ જૂન ૧૯૪૪ વિ.સં.૨૦૦૦ના રોજ વિદ્યાર્થીભુવનની સ્થાપના કરવામાં આવેલ.

જ્યારે શ્રી સ્વામિનારાયણ વિદ્યાલયની તત્કાલિન મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી ધર્મજીવનદાસજીના સમયમાં તે સમયના આચાર્ય પ.પૂ.ધ.ધુ. દેવેન્દ્રપ્રસાદજી મહારાજની આજ્ઞા અનુસાર હાલના મોટા મહારાજશ્રી તથા તે સમયે તેઓ લાલજી મહારાજ હતા તેવા પ.પૂ.શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે અનાવરણ વિધિ ૧૯૬૩ની સાલમાં કરવામાં આવેલ. કચ્છના શિક્ષણ જગતને મંદિર તરફથી અમૂલ્ય ભેટ એવા શ્રી સ્વામિનારાયણ વિદ્યાલયને ૫૦ વર્ષ પૂર્ણ થયેલ છે. જેનો સુવર્ણજયંતી મહોત્સવ ૨૦૧૪ દરમ્યાન ભવ્યાતિભવ્ય ઉજવવા માટેની જોરદાર તૈયારીઓ ચાલી રહેલ છે.

જ્યારે કચ્છમાં ગ્રામ્ય વિસ્તારમાં માધ્યમિક શાળાઓ નહીંવત્ હતી. પ્રાથમિક શાળાઓ પણ પૂરતા પ્રમાણમાં ન હતી. શહેરી વિસ્તારમાં માધ્યમિક શાળાઓ ઓછી હતી. ભુજમાં માત્ર એક સરકારી શાળા ઓલ્ફેડ હાઈસ્કૂલ હતી. ત્યાં પૂરતાં પ્રમાણમાં બાળકોનો સમાવેશ થઈ શકતો ન હતો. ગ્રામ્ય વિસ્તારમાં રહેતાં બાળકો અભ્યાસથી વંચિત રહી જતા હતા. છાત્રાલયો પણ જ્ઞાતિવાઈઝ મર્યાદિત હતા. જેમના છાત્રાલયો ન હોય તેવા બાળકોનો સમાવેશ કોણ કરે ? તેવા સંજોગોમાં ભુજ મંદિર દ્વારા શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય અને શ્રી સ્વામિનારાયણ વિદ્યાર્થી ભવનની સ્થાપના કરવામાં આવેલ. શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા સમાજ માટે ઉપકારક પગલું ભરવામાં આવેલ જે આવકારદાયક પ્રશંસનીય બની રહેલ છે.

આ રીતે શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા વિદ્યાદાનનો પ્રારંભ થયો અને કચ્છ અને વિદેશના હરિભક્તો તરફથી આવા કાર્યને સહકાર અને પ્રોત્સાહન મળતાં ભુજ ઉપરાંત ગાંધીધામ અને માંડવી જેવા કચ્છના શહેરો તથા માનકુવા, રામપર-વેકરા, રાપર, નારણપર આદિ ગ્રામ્ય વિસ્તારોમાં ગુરુકુળોની સ્થાપના થઈ અને વિદ્યાદાનની પ્રવૃત્તિને વેગ સાંપડ્યો. કન્યા કેળવણીની બાબતમાં પણ આપણા મંદિરે ચિંતા સેવી છે અને ભુજ(મિરજાપર) મધ્યે વિશાળ સંકુલમાં પ્રાથમિકથી માંડીના કોલેજ કક્ષા સુધી શિક્ષણ આપતી માત્ર કન્યાઓ માટેની સંસ્થાનું સુંદર સંચાલન મંદિર દ્વારા થઈ રહ્યું છે અને આ સંસ્થામાં અભ્યાસ કરતી કન્યાઓની રહેવાની સુવિધા માટે એજ સંકુલમાં કન્યા છાત્રાલય છે. જેનો મોટી સંસ્થામાં વિદ્યાર્થીનીઓ લાભ લઈ રહેલ છે.

અહેવાલ :- જનકભાઈ ભટ્ટ

# શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય વિજ્ઞાન પ્રવાહ ભુજનું ઝળહળતું પરિણામ...

શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ મધ્યે અને શ્રી સ્વામિનારાયણ કેળવણી મંડળ સંચાલિત શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય સ્વનિર્ભર વિજ્ઞાન પ્રવાહ, ભુજના ધો. ૧૧ અને ૧૨ (સેમેસ્ટર-૧ અને ૩)ના વિદ્યાર્થીઓની બોર્ડની પરીક્ષા ઓક્ટોબર-૨૦૧૩માં લેવામાં આવેલ જેનું ૧૦૦% પરિણામ લાવવા બદલ વિદ્યાર્થીઓને પુરસ્કૃત કરવાનો કાર્યક્રમ તાજેતરમાં ભુજ ખાતે યોજવામાં આવેલ.

ઉચ્ચતર માધ્યમિક વિજ્ઞાન પ્રવાહની ગુ.મા.ઉ.મા. શિક્ષણ બોર્ડ દ્વારા ઓક્ટોબર-૨૦૧૩માં સમગ્ર ગુજરાતમાં પરીક્ષાઓ લેવામાં આવેલ. જેમાં આપણી શાળાના ધો.૧૧માં ૫૬ અને ધો.૧૨માં ૬૦ વિદ્યાર્થીઓનાં ઉચ્ચ ગુણાંક સાથે ૧૦૦% પરિણામ આવેલ છે. ધો.૧૧માં ૬ વિદ્યાર્થીઓ અને ધો.૧૨માં ૧૭ વિદ્યાર્થીઓનું ૯૦% થી ઉપર ગુણાંક પ્રાપ્ત કરવા બદલ તેમને શ્રી સ્વામિનારાયણ કેળવણી મંડળ દ્વારા પુરસ્કૃત કરવામાં આવ્યા હતા.

આ સમારંભનું અધ્યક્ષ સ્થાન કેળવણી મંડળના પ્રમુખ માન.શ્રી ભરતભાઈ મહેતાએ શોભાવ્યું હતું. મંચપર સંચાલક સ્વામી હરિવલ્લભદાસજી, સ્વામી અક્ષરમુક્તદદાસજી, સ્વામી મુક્તમુનિદાસજી અને સ્વામી ભક્તિનંદનદાસજી ઉપરાંત કેળવણી મંડળના ઉપપ્રમુખ માન.શ્રી જનકભાઈ ભટ્ટ, મંત્રીશ્રી માન.શ્રી વિનોદભાઈ શિયાણી તથા શાળાના પ્રિન્સીપાલ શ્રી નિષદભાઈ મહેતાએ મંચ શોભાવ્યું હતું.

સમૂહ પ્રાર્થનાથી કાર્યક્રમ શરૂ થયા બાદ શાળાના સુપરવાઈઝર શ્રી અમોલભાઈ ધોળકીયાએ મહેમાનોને આવકાર આપ્યો હતો. ત્યારબાદ ૯૦%થી ઉપર માર્કસ મેળવનાર તમામને માર્કશીટની સાથે પુસ્તકની ભેટ મંચસ્થ મહાનુભાવોના હસ્તે આપવામાં આવી હતી. પુરસ્કાર વિતરણ બાદ ધો. ૧૧ના વિદ્યાર્થી જીત માણેક તથા ધો. ૧૨ના વિદ્યાર્થી સાત્વિક સાયજાદાએ શાળા દ્વારા અપાતા ઉત્તમ શિક્ષણ પર આનંદની લાગણી વ્યક્ત કરતાં શિક્ષકો પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી. ત્યારબાદ શાળાના આચાર્ય શ્રી નિષદભાઈ મહેતાએ વિદ્યાર્થીઓએ મેળવેલ સિધ્ધિને બિરદાવી હતી અને આ સિધ્ધિ પાછળ વિદ્યાર્થી અને શિક્ષકોની મહેનત શાળાનો સ્ટાફ અને ટ્રસ્ટીગણના સભ્યોનો સહકાર, સંતોના આશીર્વાદ તથા ઈશકૃપા આ મુખ્યત્વ પાંચ પરિબળોને કારણભૂત લેખાવ્યા હતાં.

ત્યારબાદ મંડળના મંત્રીશ્રી વિનોદભાઈ શિયાણી કે જેઓ વિજ્ઞાનના વિદ્યાર્થી છે(સિવિલ ઈજનેર) તેમણે સ્વાનુભાવ વર્ણવી શ્રી સ્વામિનારાયણ મંદિરે આવી સુંદર વ્યવસ્થા વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ માટે કરી છે આ શાળાના શિક્ષકો તમને ખૂબજ સારું જ્ઞાન પીરસી રહ્યા છે. તેનો અવશ્ય લાભ લેજો.

માન.શ્રી જનકભાઈ ભટ્ટે જણાવ્યું હતું કે, જે પુરૂષાર્થ કરે છે તેને જ પ્રારબ્ધ મદદ કરે છે નહિતર જે સૂતો હોય તેનું ભાગ્ય પણ સૂતુ રહે છે બેઠેલાનું ભાગ્ય બેઠેલું હોય છે. પરંતુ જ્ઞાન પીપાસા માટે જે ફરતો રહે તેનું ભાગ્ય પણ ફરતું રહે છે અને મદદ કરતું રહે છે.

ત્યારબાદ વર્ષોથી વિદ્યાર્થી ભવન અને વિદ્યાલય સાથે સક્રિય રીતે જોડાયેલા એવા સંચાલક શાસ્ત્રી સ્વામી પ.પૂ. હરિવલ્લભદાસજીએ આશીર્વાદ

આપતાં જણાવ્યું હતું કે સમય અતિ મૂલ્યવાન છે તેથી જે સમયને સાચવે છે તેને સમય સાચવી લે છે. ૧વર્ષ, ૧માસ, ૧અઠવાડયું, ૧દિવસ, ૧કલાક અને ૧મિનીટ તેમજ એક માઈક્રો મીનિટની શું કિંમત છે તે અંગેની ઉદાહરણ સાથે સમજ આપી હતી. સાથે સાથે વિદ્યાર્થીઓની સિધ્ધિને બિરદાવતાં સ્ટાફને અભિનંદન આપ્યા હતાં.

સમારંભના અંતે શ્રી ભરતભાઈ મહેતાએ પોતાના અધ્યક્ષીય ઉદ્‌બોધનમાં વિદ્યાર્થીઓને જણાવ્યું હતુ કે, તમે કદી એકબીજાના હરીફ ન બનજો પરંતુ સ્પર્ધક બનજો. જીવનમાં તંદુરસ્ત સ્પર્ધા ખૂબ જ જરૂરી છે અને વિદ્યાર્થીઓ અને શિક્ષક સ્ટાફની મહેનત દ્વારા તમે જે સિધ્ધિ મેળવી છે તેનાથી સમગ્ર કેળવણી મંડળને પરિતોષ થયો છે તેના પરિપાકરૂપે તમને આજે પારિતોષિક વિતરણનો કાર્યક્રમ યોજેલ છે. વધારામાં અન્ય પારિતોષિકની જાહેરાત કરતાં જણાવ્યું હતું કે જે વિદ્યાર્થી જે વિષયમાં ૧૦૦ ગુણમાંથી ૧૦૦ ગુણ પ્રાપ્ત કરશે તેને મંડળ તરફથી રૂા.૧૦૦૦/- નું પારિતોષિક આજથી જ આપવામાં આવશે અને આવતાં વર્ષોમાં પણ ચાલુ રહેશે આ જાહેરાતને તમામે તાલીઓના ગડગડાહટ સાથે વધાવી લીધી હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આવેલ પરિણામનું વિશ્લેષણ શાળાના રસાયણ વિજ્ઞાનના અધ્યાપક શ્રી યોગેશભાઈ પટેલ બખૂબી કર્યું હતું. જ્યારે આભારવિધી શ્રી અમોલભાઈ ધોળકિયાએ કરી હતી. તમામ વિદ્યાર્થીઓને શિયાળુપાક અડદિયાથી મીઠું મોઢું કરાવવામાં આવ્યું હતું. જ્યારે સંતો દ્વારા તમામ વિદ્યાર્થીઓને સુંદર બોલપેનની ભેટ આપવામાં આવી હતી. કેળવણી મંડળ તરફથી તમામ સ્ટાફને પણ રોકડ રકમ દ્વારા પુરસ્કૃત કરવામાં આવ્યા હતા અને અંતે નાસ્તાને ન્યાય આપ્યા બાદ કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવેલ.

અહેવાલ :- આચાર્યશ્રી નિષદ મહેતા

## ભુજ મંદિર દ્વારા શ્રી સહજાનંદ ગર્લ્સ ઈન્સ્ટીટ્યુટ કોલેજ સંકુલનું ખાતમૂહુર્ત

જયશ્રી સ્વામિનારાયણ સાથે સહર્ષ જણાવવાનું કે શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ પ્રાયોજિત શ્રી સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મેડીકલ એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આપણી દીકરીઓ માટે ધોરણ પાંચથી કોલેજ સુધીનું શિક્ષણ પૂરું પાડતી ગુજરાતી અને અંગ્રેજી માધ્યમની શૈક્ષણિક સંસ્થા છાત્રાલયની સુવિધા સહિત ચાલે છે. જેનો આર્થિક વહીવટ શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજના કોઠાર દ્વારા અપાતા આદેશ અનુસાર તેની સીધી દેખરેખ નીચે ચલાવવામાં આવે છે. દીકરીઓની આ સંસ્થાનો મોટા ભાગનો આર્થિક ભાગ મંદિરના શિરે છે. વિદ્યાર્થીઓની પાસેથી નજીવી ફી લઈને તમામ અદ્યતન સુવિધાઓ પુરી પાડવામાં આવે છે. સને ૨૦૦૬માં શરુ થયેલી આ સંસ્થાની વિદ્યાર્થીનીઓએ શૈક્ષણિક ક્ષેત્રે બોર્ડની પરિક્ષામાં સુંદર પરિણામો લઈ આવીને અને સહશૈક્ષણિક ક્ષેત્રે વિવિધ પ્રવૃત્તિમાં જિલ્લાનું પ્રતિનિધિત્ત્વ રાજ્ય કક્ષાએ કરીને અને અને રાજ્યનું પ્રતિનિધિત્ત્વ રાષ્ટ્રીય કક્ષાએ કરીને અનેક સ્પર્ધાઓમાં મોટા પ્રમાણમાં પારિતોષિકો મેળવીને સંસ્થાને ગૌરવ અપાવ્યું છે. સંસ્થાની પ્રગતિનો ગ્રાફ સદાય ઊંચો રહ્યો છે.

આપણા સંપ્રદાયના સુજ્ઞ હરિભક્તોએ આપેલા દાનના સહયોગથી આ સંસ્થામાં સમયની માંગ અનુસાર શ્રી સહજાનંદ ગર્લ્સ ઈન્સ્ટીટ્યુટ કોલેજ

બે વર્ષથી આર્ટસ અને કોમર્સના અભ્યાસક્રમો કાર્યાન્વિત છે અને ભવિષ્યમાં વિવિધ અભ્યાસક્રમો પણ શુરુ કરવામાં આવશે. ટી.વી. કલ્ચર અને સેલ્સ ફોનના આજના યુગમાં પ્રાશ્ચાત્ય સંસ્કૃતિની વિકૃતિ આપણી દીકરીઓને સ્પર્શી ન જાય અને આપણા પરંપરાગત સંસ્કારોનું જતન અને સંવર્ધન થાય તેમજ સત્સંગી અને સામાજિક મર્યાદામાં રહીને સંપૂણ સુરક્ષિત રહીને અભ્યાસ કરી સર્વાંગી વિકાસ સાધી શકે તેવા શુભ આશયથી આ કોલેજ શરુ કરવામાં આવેલ છે.

આ કોલેજના અદ્યતન બિલ્ડીંગના નિર્માણાર્થે તારીખ ૬ઠી ફેબ્રુઆરી, ૨૦૧૪ ગુરુવારના શુભ દિને ખાતમૂહુર્ત નિર્ધારિલ છે. જેની નિમંત્રણ પત્રિકા આપને પાઠવવામાં આવશે. તો તે પ્રસંગે સહપરિવાર પધારી અવસરના આનંદમાં અભિવૃધ્ધિ કરશો તેમજ મંદિરના આયોજિત કોલેજ સંકુલ નિર્માણના કાર્યમાં યથાશક્તિ સેવા આપશોજી.

ત્રિવેણી સંગમમાં સ્નાન કરવાથી ત્રણ પવિત્ર નદીઓમાં સ્નાન કરવાનું પુણ્ય પ્રાપ્ત થાય છે તેમ દીકરીઓના જીવનમાં શિક્ષણ, સંસ્કાર અને સત્સંગનો પ્રકાશ પાથરતી અ.નિ. પ.પૂ. મહંત સ્વામી હરિસ્વરૂપદાસજીના સંકલ્પ સમાન આ સંસ્થામાં દાન આપવાથી વિદ્યાદાન, શ્રી નરનારાયણદેવને દાન અને નિયાણીઓને આપેલ દાન એમ ત્રણ પ્રકારના દાનનું મહાપૂણ્ય પ્રાપ્ત થાય છે.

આપણી દીકરીઓના ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ કરવાની આપણા સૌની નૈતિક જવાબદારી છે. તે અંગે આ કાર્યમાં આપણા તરફથી સંપૂર્ણ સહકારની અપેક્ષા રાખીએ છીએ

*આશીર્વાદ સહ લી. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીના જય શ્રી સ્વામિનારાયણ.*

## ॥ हरेःस्तुतिः ॥

(अनुष्टपछन्दक्)

रचयिता - डो. स्वामी सत्यप्रसाद दासजी

(वेदान्ताचार्य)

अज्ञानदुषिते क्काले ज्ञानज्योतिः प्रदीपक्रः ।
यो साक्षाद् हरिक्रृष्णा तस्मै श्रीहरये नमः ॥ ११ ॥
दासभावेन ये भक्ताः नित्यं क्रुर्वन्ति सेवनम् ।
तेषामज्ञाननाशाय तस्मै श्रीहरये नमः ॥ १२ ॥
यथाक्रर्म जनेभ्यश्च सुखदुःखे ददाति यः ।
जीवानां गुणारक्षात्रे तस्मै श्रीहरये नमः ॥ १३ ॥
सदानन्दस्वरूपो यः श्रीक्रृष्णाः पुरुषौत्ताम ।
मुमुक्षुणाणां परं ध्येय तस्मै श्रीहरये नमः ॥ १४ ॥
योगिभिर्ध्यायते चिते क्रविभिर्वाचिगीयते ।
मुनिभिर्वन्द्यते पादे तस्मै श्रीहरये नमः ॥ १५ ॥
जना गायन्ति गीतानि भजनं भक्ताः यस्य वै ।
मोहमायादिक्रं त्यक्त्वा तस्मै श्रीहरये नमः ॥ १६ ॥
अक्षारधामसंज्ञेयः दिव्यरूपेणातिष्ठति ।
निर्गुणा सत्य सङ्कल्पस्तस्मै श्रीहरये नमः ॥ १७ ॥
यश्चराचरविश्वेशः शान्त शुद्धस्वरूपवान् ।
सर्वव्यारक्र सर्वात्मा तस्मै श्रीहरये नमः ॥ १८ ॥
नानाविधसुपुणपाणाम् मालाभिर्योविभूषित ।
विष्णावे वासुदेवाय तस्मै श्रीहरये नमः ॥ १९ ॥
निजदर्शनदानेन भवदुःखनिवारिणो ।
जनेभ्योः मुक्तनाथाय तस्मै श्रीहरये नमः ॥ २० ॥

### :: અક્ષરવાસ ::

ગ. સ્વ. રતનબેન કુંવરજી વેલાણી મદનપુર - સુખપર નવોવાસ તા. ૧૨-૧૨-૧૩ના ૯૭ વર્ષની વયે શ્રી હરિનું અખંડ સ્મરણ કરતાં અક્ષર નિવાસી થયા છે. તેમને શ્રીહરિ તેમના ચરણોનું સુખ આપે તેવી પ્રાર્થના

પ.ભ. લખમણ મનજી વેલાણી

# વિદેશ સમાચાર



## વિવિધ ઉત્સવો અને નવી સમિતિની વર્ણી - ઈસ્ટ લંડન - ઠાકરથાળી

તા. ૧૨-૧૦-૨૦૧૩ને શનિવારે મંદિર તરફથી ઠાકરથાળી ઉત્સવ ધામધૂમથી ઉજવાયો.

તા. ૨૦-૧૦-૨૦૧૩ને રવિવારે મંદિરમાં ઠાકરથાળીનું આયોજન થયેલ. મંદિરના પ.ભ. ઉપપ્રમુખશ્રી ભીમજીભાઈ રામજી હિરાણી તેમજ ધર્મપત્ની પ.ભ. પ્રેમિલાબેન પરિવારે - જન્મજયંતી નિમિત્તે ઠાકરથાળી ઉત્સવ ધામધૂમથી ઉજવવામાં આવેલ. આ સમયે ઈસ્ટલંડન મંદિરે, ભુજ મંદિર થાળ, સાંખ્યયોગી બહેનો - સંતોની રસોઈનું આયોજન કરેલ.

તા. ૨૩-૧૧-૨૦૧૩ને શનિવારે જન્મદિન નિમિત્તે પ.ભ. વાલબાઈ જાદવજી ડબાસીયા પરિવાર ગામ માનકુવા વાળા તરફથી ઠાકરથાળી ઉત્સવ ઉજવવામાં આવેલ.

**અન્ય ઉત્સવો :**

તા.૧૨-૧૦-૨૦૧૩ને શનિવારે પ.પૂ. ધ.ધૂ. ૧૦૦૮ વડતાલ ગાદી પતિ શ્રી રાકેશપ્રસાદજી મહારાજ, સંતમંડળ સહિત શ્રી ઈસ્ટલંડન મંદિરે પધારેલ. સાંજે ઠાકરથાળી ઉત્સવમાં હાજરી આપી સર્વે જનોને આશીર્વાદ આપી રાજી કરેલ. દશેક દિવસના ટૂંકા ગાળામાં સમસ્ત યુ.કે.ના મંદિરોમાં દર્શને પધારેલ.

તા. ૨-૧૧-૨૦૧૩નો શનિવારે કાળીચૌદશના દિવસે, હનુમાનજી પૂજન,હનુમાન ચાલીસા પાઠ અને પ્રસાદ અ.વા. જીતેશભાઈ લાલજીભાઈ વરસાણી - નૈરોબી નિવાસી નિમિત્તે મોટાબાપા પ.ભ. વેલજીભાઈ પ્રેમજીભાઈ વરસાણી પરિવાર ગામ કોડકીવાળા આ દિને ઉત્સવના યજમાન રહીને સર્વેને પ્રસાદ અર્પણ કરેલ.

તા. ૩-૧૧-૨૦૧૩ના રવિવારે લક્ષ્મીપૂજન - ચોપડાપૂજનના યજમાન પ.ભ. પુંજાભાઈ દેવજી લીંબાણી પરિવાર ગામ માનકુવાવાળા યજમાન પદનો લાભ લીધેલ.

તા. ૪-૧૧-૨૦૧૩ના સોમવારે અન્નકૂટ-મહાપ્રસાદની મુખ્ય આરતીના ચડાવામાં સર્વે બહેનો મળીને આરતી ઉતારવાનો લાહવો લીધેલ. પ્રાંતના હરિભક્તોને મહાપ્રસાદ ભોજન અર્પણ કરીને રાજીપો મેળવેલ.

**તુલસી વિવાહ - પુનિત પર્વ**

વર પક્ષમાં - પ.ભ. પુંજાભાઈ દેવજીભાઈ લીંબાણી પરિવાર સુપુત્ર શાંતિભાઈ, સુપુત્રી મુક્તાબહેન આદિ પરિવાર ગામ માનકુવા વાળાએ લાભ લીધેલ.

કન્યા પક્ષમાં - પ.ભ. મનજીભાઈ કાનજી વેકરીયા પરિવાર ગામ બળદિયા વાળા હતા. મહાપ્રસાદના યજમાન પણ આ પરિવાર હતો.

**શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર ઈસ્ટલંડનની વાર્ષિક ૨૦૧૪-૨૦૧૫ની ચૂંટાયેલી સમિતી**

- ટ્રસ્ટી પ.ભ. શામજીભાઈ કાનજી વેકરીયા-બળદિયા, પ.ભ. વિશ્રામભાઈ શામજી શિયાણી-માનકુવા,પ.ભ. અરવિંદ ભાઈ કલ્યાણ વેકરીયા-બળદિયા, પ.ભ. ધનજીભાઈ વેલજી ભુડીયા-ઉ.સુખપર, પ.ભ. હિતેશભાઈ કાનજી હિરાણી-મેઘપર
- પ્રમુખ શ્રી પ.ભ. શામજીભાઈ કાનજી વેકરીયા-

બળદિયા ● ઉપપ્રમુખ શ્રી પ.ભ. ભીમજીભાઈ રામજી હિરાણી-બળદિયા ● મંત્રી શ્રી પ.ભ. અરવિંદભાઈ કલ્યાણ વેકરીયા-બળદિયા ● ઉપમંત્રી શ્રી પ.ભ.પુલકીતભાઈ ભીખુભાઈ કોરાટ-તલવળા ● ખજાનચી શ્રી પ.ભ. વિશ્રામભાઈ શામજી શિયાણી-માનકુવા ● ઉપખજાનચી શ્રી પ.ભ. જાદવજીભાઈ વીરજી ડબાસીયા-માનકુવા ● એકાઉટન્ટ શ્રી પ.ભ. શૈલેશભાઈ નાનજી વરસાણી-ભારાસર ● સહએકાઉટન્ટ શ્રી પ.ભ. જાદવજીભાઈ માવજી વાઘાણી-ઉ.સુખપર ● કોઠારી શ્રી પ.ભ. રામજીભાઈ રવજી શિયાણી-ઉ.સુખપર ● સહકોઠારી શ્રી પ.ભ. મનજીભાઈ કાનજી વેકરીયા-બળદિયા.

## તુલસી વિવાહ - શ્રી સ્વામિનારાયણ મંદિર સ્ટેનમોર

શનિવાર તા. ૧૬-૧૧-૨૦૧૩ અને રવિવાર તા. ૧૭-૧૧-૨૦૧૩ના બે દિવસના તુલસી વિવાહ ખૂબ જ ઉત્સાહ પૂર્વક ઉજવવામાં આવેલ.

શનિવાર તા. ૧૬-૧૧-૨૦૧૩ના સવારના ૮:૩૦ વાગ્યે ભગવાન શ્રી વિષ્ણુના યજમાન પ્રવિણભાઈ હરજી વરસાણી, ધ.પ. વનીશાબેન પ્રવિણ વરસાણી દ્વારા મંડપ રોપણ કરવામાં આવેલ અને માતા તુલસીનો મંડપ રોપણ શ્રીમાન હરીભાઈ જાદવજી હાલાઈ તથા ધ.પ. જસીબેન હરીભાઈ હાલાઈ સહપરિવાર દ્વારા કરવામાં આવેલ ત્યારબાદ સૌને પ્રસાદ રૂપી ભોજન પીરસવામાં આવેલ. તે જ દિવસે સાંજના ભગવાન વિષ્ણુની પીઠી કરી, જ્યાં માતા વૃંદાની પીઠી કરી સંગીતના સથવારે સેરીકો બોલવામાં આવેલ અને સાથો સાથ બહેનોએ તેમના હાથમાં ભાત ભાતની ડીઝાઈનથી મહેંદી કરી અને પ્રસાદ રૂપી ભોજન કરી અને સર્વે છૂટા પડ્યા હતા.

રવિવાર તા. ૧૭-૧૧-૨૦૧૩ના સવારના ૧૦:૩૦ વાગ્યે શ્રી વિષ્ણુની જાન મંદિરના ચોગાનમાંથી પાલખીમાં બિરાજી વાજતે ગાજતે બ્રાહ્મણ દ્વારા વિધિસર લગ્ન કરી અને સહુ કોઈએ કન્યાદાનનો લાભ લઈ અને ફેરા ફરવામાં આવ્યા હતા. સાંજના ૪ વાગ્યે માતા વૃંદાને વિદાય આપી અને ઉત્સવની પૂર્ણાહુતિ કરવામાં આવેલ.

તે જ દિવસે સોમવાર તા. ૧૮-૧૧-૨૦૧૩થી જે કથા પારાયણ બેસવાની હતી તેની સાંજના ૬:૩૦ વાગ્યે ટેન્ટમાં ભુજ મંદિરના સંતો દ્વારા પોથીનું પૂજન યજમાન કરી અને વાજીંત્રના સૂર સાથે કીર્તન તથા શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ધૂનના ધ્વનિથી વાજતે ગાજતે મંદિરમાં વ્યાસપીઠ ઉપર પધરાવામાં આવેલ.

કથા પારાયણની શુભ શરૂઆત સોમવાર તા. ૧૮-૧૧-૨૦૧૩ના સવારના ૯ વાગ્યે કરવામાં આવેલ, જેના યજમાન ગામ કેરાના ગં.સ્વ. રાધાબાઈ રામજી હિરાણી સહપરિવાર રહ્યા હતાં. મંગળવાર તા.૧૯-૧૧-૨૦૧૩ના કાર્તિક વદ-૨ જે સ્ટેનમોરમાં બિરાજતા શ્રી ઘનશ્યામ મહારાજ તથા અન્ય દેવોને પ્રાણપ્રતિષ્ઠાને ૧૧ વર્ષ પૂર્ણ થતાં પંચામૃતથી અભિષેક કરી અને ઠાકોરજીને અન્નકૂટ જમાડવામાં આવ્યો હતો.

શનિવાર તા. ૨૩-૧૧-૨૦૧૩ના ઠાકરથાળી ઉત્સવ રાખવામાં આવેલ જેમાં રાસોત્સવ ઉજવી અને ભુજ મંદિરથી આવેલ અન્નકૂટનો પ્રસાદ વેચવામાં આવેલ.

રવિવાર તા. ૨૪-૧૧-૨૦૧૩ના સવારના ૧૧:૦૦ વાગ્યે સંતોના આશીર્વાદ લઈ યજમાનશ્રીને પહેરામણી આપી હતી. પારાયણની ઉત્થાપન વિધી કરી કથા સમાપ્તિની સાથે મળી આરતી ઉતારી, પ્રસાદરૂપી ભોજન લેવા સર્વે પધાર્યા હતા.

અહેવાલ :- ઉપમંત્રી જાદવજી હિરાણી



# શ્રી ઘનશ્યામ બાળસંદેશ

લેખન : શા.સ્વામી સંતસ્વરૂપદાસજી

## ભીમનું અભિમાન

બાળ મિત્ર, જય સ્વામિનારાયણ, આજે આપણે એક મહાભારતનો પ્રસંગ વાંચીશું. પાંચ પાંડવો દ્રૌપદીની સાથે વનમાં રહેતા હતા.ત્યારે એક દિવસ હજાર પાંખડીવાળું કમળનું ફૂલ પવનમાં ઊડી આવ્યું અને દ્રૌપદીના પગ આગળ પડયું. ફૂલ દ્રૌપદીને ખૂબ ગમી ગયું. તેણે ભીમને કહ્યું, 'મને આવાં બીજા ફૂલો લાવી આપો!' હમણાં જ લાવી આપું, એમ કહી ભીમ ફૂલ જે દિશાએથી ઊડીને આવ્યું હતું તે દિશાએ ઉપડયો.

ભીમને પોતાના બળનું ખૂબ અભિમાન હતું. રસ્તામાં જતાં જતાં એ વિચાર કરતો હતો કે દુનીયામાં મારા જેવો બળીયો કોઇ નહિ હોય, હું સર્વશ્રષ્ઠ ગદા ધર છું. ભીમનું આ અભિમાન હનુમનજીને ગમ્યું નહિ. તેથી ભીમનું અભિમાન દૂર કરવા તેમણે એક યુક્તિ કરી. તેઓ એક સાધારણ વાનર જેવા થઇને ભીમના જવાના રસ્તામાં આડા સૂઇ ગયા. થોડાવારમાં ભીમ ત્યાં આવી પહોચ્યો.

વાંદરાને રસ્તામાં સૂતેલો જોઇ તેને બિવડાવી ભગાડી કાઢવા ભીમે જોરથી બૂમ પાડી. ભીમની બૂમ એટલે સિંહની ગર્જના ! પણ આ ગર્જનાની વાંદરા પર કઇયે અસર થઇ નહિ. ત્યારે ભીમે કહ્યું, અલ્યા એઇ વાંદરા, અહી રસ્તા વચ્ચે કેમ સૂતો છે આઘો ખસ આઘો!'

હનુમાને કહ્યું, 'ભાઇ શું કરું ?મારા શરીરે સારું નથી તેથી મારાથી ઉઠાશે નહિ.'

ભીમે રુઆબથી કહ્યું, તું જાણે છે હું કોણ છું તે? હું પાંડુ પુત્ર ભીમ છું, તારી પૂછડી ઠકાણે રાખ, નહિ તો હમણાં જ ઉપાડીને કયાંય ફેકી દઇશ.' હનુમાનજીએ કહ્યું,અહોહા!!!તમે પાંડુ પુત્ર ભીમસેન છો? તમારા બળની તો બહુ વાતો સાંભળી છે, તમે તો મહા બળવાન છો, તો ભાઇ, જરી મારી પૂંછડી ખસેડીને રસ્તો કરી લોને! હું વૃધ્ધ છું તેથી મારામાં તો જરી પૂંછડી ખસેડવાનું યે બળ નથી.' ભીમે હસીને કહ્યું, 'મારો હાથ અડતામાં તો તારી પૂંછડીના ચાર ટૂકડા થઇ જશે અને તુંયે કયાંયનો કયાં જઇ પડીશ!

હનુમાનજીએ કહ્યું, 'એવું થશે તોય હું તમને દોષ નહિ દઉ!'

ભીમે કહ્યું,દે જેને!મને વાંધો નથી.!' આમ કહી હનુમાનને ઊંચકીને ફેંકી દેવા ભીમે એમની પૂછડી જોરથી ખેંચી.પણ પૂંછડી જાણે જમીન સાથે ચોંટી ગઇ ન હોય!! તે જરી પણ ઊંચી થઇ નહિ,ભીમે તે બે હાથે પકડી બળ લગાવ્યું તોય તે ખસી નહિ, ભીમે ફરી ખૂબ જોર કર્યું, એની આંખો કપાળે ચડીગઇ, એનું મો લાલ થઇ ગયું પણ પૂંછડી જરાયે ન ખસી કે ન ઊંચી થઇ. ભીમને ખૂબ શરમાવા જેવું થયું. હવે તેનું મન વિચારે ચડ્યું કે કોઇ વાંદરામાં આટલું બધું બળ હોય નહિ, માટે નક્કી આ કોઇ મહાપુરુષ છે. રામ ભક્ત હનુમાનજી તો નહિ હોય ? પછી તેણે નમ્ર થઇ હાથ જોડી કહ્યું, આપ

કોઈ સામાન્ય વાંદર નથી પણ રામ ભક્ત હનુમાનજી છો,કૃપા કરી આપનાં મૂળ સ્વરુપનું દર્શન કરવો. તરત જ હનુમાનજી ઊભા થઈ અને પોતાના અસલ રુપમાં પ્રગટ થયા. ભીમે એમને પ્રણામ કર્યા.

હનુમાનજીએ કહ્યું, હે ભીમ, તું મારો નાનો ભાઈ છે. પણ તને તારા બળનું અભિમાન હતું એ તારું અભિમાન ઉતારવા મારે તને આ પરચો દેખાડવો પડયો છે, માટે ભાઈ, હવે કયારે પણ બળનું અભિમાન ન કરજો.ભીમનું અભિમાન હવે રહ્યું ન હતું.

ભીમે કહ્યું, તમારી દયાથી મારું અભિમાન ચાલ્યું ગયું, હવે કયારે અભિમાન નહિ કરું. તે પછી હનુમાનજી અદ્રશ્ય થઈ ગયા.અને ભીમ કમળ ફૂલવાળું સરોવર શોધી કાઢયું અને ત્યાંથી ઢગલા બંધ ફૂલો લઈને દ્રૌપદીજીને આપ્યા.

બાળ મિત્રો, વાર્તા વાંચીને,, આમાંથી શું શીખવા મળ્યું ? કે કોઈ પણ પ્રકારનું અભિમાન ન કરવું. કોઈ ની પાસે ધનનું બળ હોય, કોઈની પાસે વિદ્યાનું બળ હોય, કોઈની પાસે શરીરનું બળ હોય, તો કોઈની પાસે સત્તાનું બળ હોય પણ ભગવાનના ભક્તે કોઈએ એ બળનું અભિમાન કરવું જોઈએ નહિ. કારણકે અભિમાન કરે તે છેવટે દુઃખી થાય છે.

# જ્ઞાનસરિતા

### -: જ્ઞાનમાળાઃ-

૧. વચનામૃત કયા પાંચ સંતોએ મળીને બનાવેલું છે? આ દશમાંથી

(અ) મુક્તાનંદ, શુકાનંદ, નિત્યાનંદ, પ્રેમાનંદ, દેવાનંદ બ્રહ્માનંદ, નિત્યાનંદ, નિષ્કુળાનંદ, ગોપાળાનંદ, શતાનંદ

૨. ગીતામાં પુરુષોત્તમયોગ કયા અધ્યાયમાં આવે છે?

(અ) ૧૫ (બ) ૧૨

(ક) ૧૦ (ડ) ૨૧

૩. મહાભારતનું યુધ્ધ કેટલા દિવસ ચાલ્યું હતું?

(અ) ૧૧ (બ) ૧૮

(ક) ૧૯ (ડ) ૯

૪. મારા વાલાજી શું હેત ન દિશે રે. આ કિર્તન કોણે બનાવેલું છે?

(અ)પ્રેમાનંદ સ્વામી (બ) દેવાનંદ સ્વામી

(ક) મુક્તાનંદ સ્વામી (ડ) બ્રહ્માનંદ સ્વામી

૫.મહાભારતનું યુધ્ધ કયાં થયેલું હતું?

(૧) દ્વારકા (૨) હસ્તિનાપુર

(૩) કુરુક્ષેત્ર (૪) મગધ

૬. ગીતાજયંતિ કયાં મહિનામાં આવે છે ?

(અ) મહા (બ) કારતક

(ક) જાન્યુઆરી (ડ) માગશર

૭. કયા ગામમાં શ્રીજીમહારાજે નટ રમાડયા હતા?

(અ) કરજીસણ (બ) અમદાવાદ

(ક) મહેસાણા (ડ) ગઢડા

૮. અલૈયા ખાચર કયા ગામના વતની હતા?

(અ) લોયા (બ) ગઢડા

(ક) બોટાદ (ડ) ઝીંઝાવદર

૯. સત્સંગમાં થોડોક કુસંગનો ભાગ રહ્યો જાય છે તે આજ કાઢવો છે આ વાત શ્રીજી મહારાજે કયા વચનામૃતમાં કરેલી છે ?

(અ) ૧૭ (બ) ૧૮

(ક) ૨૦ (ડ) ૧૯

૧૦. દતાત્રેય ભગવાનના પિતાનું નામ શું છે?

(અ) અત્રીમુની (બ) પરાશર


(ક) નળરાજા (ડ) ભૃગુઋષિ

દશ મહિનામાં જેમના પાંચથી વધારે જ્ઞાન સરિતામાં જવાબો આપેલા છે એવા બાળ-બાલિકાના નામ આપ્રમાણે છે.

તન્ના ધર્મેશ, તન્ના વૃન્દા પ્રહ્લાદભાઈ, ચૌહાણ ધરમ ચતુરભાઈ, ભુજ : હિરાણી પ્રીતમ અરવિંદ કોડકી, કેરાઃ વેકરીયા નેહા જીતેશ, વેકરીયા દર્શના મનસુખ,પાંચાણી જેમિની મુકેશ, ખેતાણી શીવાની અરવિંદ, કેરાઈ હેન્સી અરવિંદ, હાલાઈ કૌશલ્યા વિનોદ, મોઢ જીગ્યાની રાજેશ, જેઠવા માનશીબા અને દિવ્યાબા હરિશચંદ્ર, પંડયા હેલી દીપક, મેપાણી ચાંદની કિશોર, વાગજીયાણી મયૂરી વાસુદેવ, કેરાઈ ધૃતી કિશોર, સવાણી જાનકી સુરેશ, વોરા ભક્તિ દિનેશ, રાબડીયા ખીલના ધનજી, વરસાણી ડિમ્પલ ગોવિંદ, ખેતાણી ક્રિશ્ના જાદવજી, માનકુવા ભક્તિનગર : ગોરસીયા છાયા મુરજી, ગોરસીયા અવની રામજી, વરસાણી રાધીકા કાનજી, મીરજાપર : વરસાણી શ્રેયા પરેશ, કેરાઈ ધનલક્ષ્મી લાલજી, વરસાણી દુર્ગા હિતેશ, રાઠોડ દીપા મનોજ, હીરાણી આરતી મુરજી, નારણપર ની.વા.: હિરાણી મયુરી જગદીશ,વરસાણી અક્ષિતા ભીમજી, કેરાઈ અવનીસા કલ્યાણ, કેરાઈ દીપીકા લાલજી, કેરાઈ નમ્રતા કલ્યાણ, વેકરીયા કિષ્ના હરજી, કેરાઈ દિશા મનજી, સીંઘાણી મીતલ જાદવજી, કેરાઈ હસમીતા વિશ્રામ, કેરાઈ ચાંદની જાદવજી, શ્રીઘનશ્યામ બાલિકા મંડળ.

## -: શબ્દ રચના :-

સનાતન હિન્દુ ધર્મ અને આપણા સત્સંગમાં ભગવાન અને સંતો દ્વારા અપાયેલા કેટલાક ઉપદેશને ગીતા એવા નામથી કહેવામાં આવે છે. એવી દશ ગીતાઓના નામ નીચે આપેલા કોયડા માં ગોઠવીને લખો. ઉદાહરણ માટે બે ગીતાનાં નામો મુકેલા છે.




**સરનામું**

નામ..........................................................................................................

ગામ ......................તાલુકો..................ઉંમર.......શાળા..................................................

ધો...............મો.ન......................................

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

| રકમ | દાતાનું નામ | ગામ | વિગત |
|---|---|---|---|
| ૧૦૧/- | શ્રી નરનારાયણદેવ કન્સ્ટ્રકશન કંું | કોડકી | શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૭૦/- | ભરતભાઈ કરસન વીરજી વેકરીયા | માંડવી-પીયાવા | સુપુત્ર ચિ. ભરતના લગ્ન નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૭૦/- | ગોવિંદભાઈ કરસન વીરજી વેકરીયા | માંડવી-પીયાવા | સુપુત્ર ચિ. ગોવિંદના લગ્ન નિમિત્તે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૭૦/- | અશ્વિનભાઈ કરસન વીરજી વેકરીયા | માંડવી-પીયાવા | સુપુત્ર ચિ. અશ્વિનના લગ્ન નિમિત્તે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૧/- | વીરજીભાઈ લાલજી વેકરીયા | માંડવી-પીયાવા | પૌત્રી ચિ. કાન્તા શિવજીના લગ્ન પ્રસંગ નિમિત્તે ભેટ |
| ૧૦૧/- | વીરજીભાઈ લાલજી વેકરીયા | માંડવી-પીયાવા | પૌત્રી ચિ. ગીતા કરશન વેકરીયાના લગ્ન પ્રસંગ નિમિત્તે ભેટ |
| ૫૦૦/- | રાજકુમાર દેવશી કેરાઈ | મીરજાપર | લગ્ન પ્રસંગ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૧/- | નવિન જાદવા વેકરીયા હ. કાન્તાબેન | સુખપર | પુત્રીના જન્મ નિમિત્તે ભેટ |
| ૧૦૧/- | અ.નિ. જેઠાલાલ લાલજી ઠક્કર | ભુજ | તેમની પુણ્યતિથિ નિમિત્તે શ્રી હસ્તે નિલેશભાઈ નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૩૦૧/- | નીતાબેન કલ્યાણ ભુડીયા | માધાપર | જન્મદિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૫૦૦૧/- | શ્રી સ્વામિનારાયણ મંદિર | મલાડ-મુંબઈ | શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણ પ્રસંગે સમસ્ત મહિલા મંડળ તા. ૨૮-૧૧ થી ૪-૧૨-૧૩ સુધી |
| ૨૦૦/- | ભાવેશકુમાર પ્રવિણભાઈ નિલકંઠ ટીમ્બર વાળા | કુરાલ | ભાવેશકુમારને ત્યાં કન્યા રત્ન જન્મ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૦/- | સુશાંતભાઈ વિનોદ વરસાણી | મદનપુર નવોવાસ | જન્મદિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૨૦૦/- | કાનજીભાઈ માવજીભાઈ નાકરાણી | અંજાર | શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૫૦૧/- | કુરજીભાઈ સામજી રાબડીયા | સરલી | સુપુત્રી ચિ. ભક્તિના લગ્ન નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૫૦૦/- | નારણભાઈ કાનજી કેરાઈ | રામપર | કથા પારાયણ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૫૦૦/- | ભીમજીભાઈ રામજીભાઈ કેરાઈ | રામપર | કથા પારાયણ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૫૦૦/- | પ્રેમવતીબેન હરજીભાઈ વરસાણી | નારણપર ઉ.વા. | પ્રેમવતીબેન વરસાણીના જન્મદિવસ તથા સગાઈ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૦/- | અનિલભાઈ મહેતા હસ્તે માયાબેન મહેતા | ભુજ | અનિલભાઈ મહેતાના જન્મદિવસ નિમિત્તે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૦/- | અ.નિ. ડોલરબેન જી. મહેતા | | અ.નિ. ડોલરબેનની પુણ્યતિથિ નિમિત્તે (પુણ્યતિથિ નિમિત્તે) હ. અનિલભાઈ મહેતા, ભુજ ભેટ |
| ૫૦૦/- | ધનજીભાઈ કેશરાભાઈ હિરાણી | સુખપર | ભુજ પ્રસાદી મંદિરમાં કથા પ્રસંગે ભેટ |
| ૧૦૦/- | વિવેક રમેશભાઈ ભુવા | સુખપર | જન્મદિવસ નિમિત્તે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૫૨૫/- | અંકિત વિનોદ ભુડીયા | ભક્તિનગર | શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૨૫૧/- | કાન્તાબેન ભરતભાઈ પાંચાણી | કેરા | જન્મદિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૩૦૦/- | અ.નિ. રામજીભાઈ પુંજા ભુડીયા તથા અ.નિ. વીરબાઈ હસ્તે સુપુત્રો ગોવિંદ તથા જાદવજી પરિવાર | માધાપર | પંચાહ્ન પારાયણ નિમિત્તે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૨૫૧/- | શિવજીભાઈ ધનજી માસ્તર | માધાપર | ધ.પ. ભાનુબેનનું ઓપરેશન સફળ થતાં શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૫/- | રમેશભાઈ જમનાદાસ તન્ના | મુલન્દ-મુંબઈ | તા. ૧૩-૧૨-૧૩ના રોજ લગ્ન દિવસ નિમિત્તે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૫/- | રમેશભાઈ જમનાદાસ તન્ના | મુલન્દ-મુંબઈ | તા. ૩૦-૧૨-૧૩ના જન્મદિવસ નિમિત્તે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૨૦૦/- | અ.નિ. રતનબેન કુંવરજી વેલાણી હસ્તે પૌત્ર લખમણભાઈ | મદનપુર-સુખપર | તેમના મોક્ષાર્થે ભેટ |
| ૫૦૦/- | સાં.યો. નાનબાઈ કરસન | કેરા | શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૫૦૦/- | હરિશ પ્રેમજી પાંચાણી | દહીંસરા | સુપુત્રી ચિ. હિતેક્ષાના લગ્ન નિમિત્તે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૫૦૦/- | ભીમજીભાઈ દેવજીભાઈ ભુડીયા | સુખપર | પ્રસાદી મંદિરમાં કથા પારાયણ નિમિત્તે |
| ૧૫૧/- | અરુણાબહેન અશ્વિનભાઈ શાહ | ભુજ | જન્મદિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૨૦૦/- | રવજીભાઈ રત્નાભાઈ હીરાણી | સુખપર | પૌત્રીઓ ચિ. ભૂમિ તથા ધ્રુવીના જન્મદિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૧/- | અ.નિ. પૂર્વકુમાર હરેશભાઈ ગોગારી | ઘડાણી | તેમના સ્મરણાર્થે શ્રી નરનારાયણદેવને ભેટ |
| ૧૦૧/- | વાલજીભાઈ નાનજી ગોગારી | ઘડાણી | ધનુર્માસ નિમિત્તે શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશને ભેટ |
| ૨૫૦/- | મૂરજીભાઈ નાનજી હિરાણી | ભક્તિનગર હાલે મોમ્બાસા | સંતોને રસોઈ નિમિત્તે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૨૫૦/- | વિશ્રામભાઈ મૂરજી હિરાણી | ભક્તિનગર હાલે મોમ્બાસા | સંતોને રસોઈ નિમિત્તે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૫૦૦/- | કલ્પનાબેન દિપક વેકરીયા હ. વાલબાઈ નારણ કેરાઈ | બળદિયા | તેમને બ્રિટીશ પાસપોર્ટ મળતાં શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |



યુગાન્ડા કમ્પાલાના જાણીતા ઉદ્યોગપતિ સુધીરભાઈ રૂપારેલીયા મંદિર દર્શને પધારેલ, દર્શન કરી પ્રભાવિત થઈ ભગવાન અને સંતોનો રાજીપો મેળવ્યો હતો, તેમજ મહંત સ્વામી આશીર્વાદ આપ્યા હતા-ભુજ.



શ્રી સ્વામિનારાયણ મંદિર પ્લાસવા (વાગડ) મંદિરના સંપૂર્ણ બાંધકામના દાતા પ.ભ. નારણભાઈ તથા સુપુત્ર કાન્તીભાઈ કેરાઈ બળદિયા હાલ નાઈરોબી લાભ લઈ સંતોને રાજી કર્યા હતા.





શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજમાં પંચાહ્ન પારાયણ દરમ્યાન પ્રસન્તાની પહેરામણી સ્વીકારતા કોડકીના તથા ફોટડીના યજમાનશ્રીઓ પ.પૂ. મહંત સ્વામી સાથે ભુજ.





શ્રી સ્વામિનારાયણ વિશ્રાંતિભવન ગાંધીનગર (ભાટ) દેશ-વિદેશથી આવતા ભક્તો માટે લઈ આવવા-જવા સર્જ્ઞ ગાડીઓ તથા યજમાનશ્રીઓ સાથે સંતો - ગાંધીનગર (ભાટ)



શ્રી સ્વામિનારાયણ મંદિર સ્ટેનમોરમાં તુલસી વિવાહ પ્રસંગે શોભોયાત્રા



શ્રી સ્વામિનારાયણ મંદિર રાપરનું પુરજોશમાં ચાલતું નવા મંદિરનું બાધકામ



શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય વિજ્ઞાનપ્રવાહના ધો. ૧૧-૧૨ સાયન્સના ૯૦% માર્કસ મેળવનાર વિદ્યાર્થીઓ સાથે શાળાનો સ્ટાફ, ટ્રસ્ટીગણ તથા સંતો દૃશ્યમાન થાય છે. - ભુજ

RNI NO. GUJGUJ/2001/5643 | Shree Swaminarayan Dharmasandesh | Regd. No. GKCH-158/2012-2014
POSTED EVERY MONTH ON 5TH AT BHUJ STG OFFICE | WPP Lic No. G-PMG-RJT/001/UPTO 30-06-2014

ઈન્ટરનેટ દ્વારા 'સ્વામિનારાયણ', 'રામ', 'કૃષ્ણ' ના મંત્ર જાપની સુવિધા
ભુજ મંદિરની વેબસાઈટમાં ઉપલબ્ધ છે. આજે જ લોગીન થઈ ચાલુ કરો ભજન



# Please our Lord

by typing mahamantra online

join today!

**chant.bhujmandir.org**

Shree Swaminarayan Temple Bhuj





પવિત્ર ધનુર્માસની
ધૂનમાં ઉપસ્થિત સંતો તથા ભક્તો - ભુજ